## આપના અનુદાનની અપેક્ષા....



પુર અસરગ્રસ્ત પરિવારનું બે પ્રકારે પુનઃવસન કરવાનું હાલના તબક્કે જરૂરી લાગે છે...

**(૧) પડી ભાંગેલા વ્યવસાયને ફરે બેઠા કરવા વગર વ્યાજે લોન :**

નુકશાન ઘણુ મોટું છે. બધા પરિવારોને બેઠા કરવાનું આપણાથી સંભવ નથી પણ જે પણ થઈ શકે તે કરવું જ જોઈએ તેમ વિચારી આપણે જે પરિવારોના કામ ધંધાને પુરમાં નુકશાન થયું છે અથવા ધંધા સદંતર બંધ થઈ ગયા છે તેમને ફરી બેઠા કરવા વગર વ્યાજે લોન આપવાનું કરીશું. જેમાંથી પ્રથમ તબક્કામાં આપણે રૂા.૪૦,૨૫,૦૦૦ના ચેકનું વિતરણ કરી પણ દીધું. આ વિગતે નીચે પ્રમાણે બજેટની જરૂરિયાત છે.

| ક્રમ | વિગત | જરૂરી રકમ | અત્યાર સુધી આ મુદ્દે આવેલું અનુદાન | ખુટતી રકમ |
|---|---|---|---|---|
| ૧ | ધંધા માટે વગર વ્યાજે લોન | ૧,૨૫,૦૦,૦૦૦ | ૭૩,૬૧,૧૧૧ | ૫૧,૩૮૮૮૯ |

**(૨) ઘર સમારકામ અને સાવ તુટી ગયેલા ઘરોને નવેસરથી ઊભા કરવા જરૂરી રકમ :**

મોટાભાગે માટીના ઘરોમાં રહેવાવાળા પરિવારોના ઘરો સાવ પડી ભાંગ્યા છે. ક્યાંક પાકા બનાવેલા ઘરોમાં પણ તીરાડ પડવાનું કે મોટા બાકોરા પડવાનું થયું છે. તદ્દન ગરીબીમાં રહેનારા અને જેમણે મહેનત કરીને શક્ય બને તેવી છત (ઘર) ઊભી કરી હતી ને હવે તેમાં ગાબડાં પડ્યા કે તુટી જ ગઈ છે. તેમને ફેર પોતાનું સરસ ઘર મળે તે માટે મદદ કરવાનું નક્કી કર્યું છે. જે માટે નીચની વિગતે બજેટની જરૂરિયાત છે.

| ક્રમ | વિગત | જરૂરી રકમ | અત્યાર સુધી આ મુદ્દે આવેલું અનુદાન | ખુટતી રકમ |
|---|---|---|---|---|
| ૧ | નવું ઘર બાંધકામ તથા ઘર રીપેરીંગ | ૨,૭૫,૦૦,૦૦૦ | ૧૫,૦૦,૦૦૦ | ૨,૬૦,૦૦,૦૦૦ |

ઘર બાંધકામ માટે રોટરી ક્લબ પાલનપુર અને લાયન્સ ક્લબ શાહીબાગે પણ મદદરૂપ થવાની તૈયારી દર્શાવી છે. સારુ થશે જ તેવી ભાવના બહુ જ પ્રબળ છે. આપ સૌને મદદરૂપ થવા વિનંતી...


‘વિચરતા સમુદાય સમર્થન મંચ’

‘હરીકુટીર’ C/O સદ્‌વિચાર પરિવાર કેમ્પસ, ઈસરોની સામે, સૅટેલાઈટ પોલીસ સ્ટેશન પાસે, રામદેવનગર ટેકરા,અમદાવાદ-૩૮૦૦૧૫, ફોન નંબરઃ ૦૭૯-૨૬૮૬૦૩૭૮-૭૯

email: vssmgujarat@gmail.com, Website:www.vssmindia.org



અંક નં. ૫ સપ્ટેમ્બર ૨૦૧૭


# અસ્તિત્વ

ગુજરાતમાં પુર પ્રકોપ – વિચરતા સમુદાય સમર્થન મંચ અને સહયોગી સંસ્થા દ્વારા થયેલું રાહત અને પુનઃવસનનું કાર્ય અને આગામી આયોજન

‘વિચરતા સમુદાય સમર્થન મંચ’



## આદરણીય પ્રદિપભાઈને સ્મરણાંજલી

ખૂબ વહાલા પ્રદિપભાઈ હંમેશા અમારી સાથે અને પાસે. તકલીફ હોય અને આંખ બંધ કરીને ઈશ્વરનું સ્મરણ થાય અને ઈશ્વર મદદ કરે બસ એજ ભાવથી પ્રદિપભાઈ અમારી સાથે.

કામો દરમ્યાન થાકુ ને એમની સાથે ફોન પર વાત કરું ને અડધી મીનીટમાં રાહત. ખુબ હસાવે. મા-બાપ ચિંતા કરે એ રીતે સતત મારી અને કામની ચિંતા કરે. આદરણીય રશ્મીનભાઈ કામને લઈને હંમેશા કડક રહે કયારેક વઢે પણ ખરાં પણ પ્રદિપભાઈને ખબર પડે એટલે ‘‘ચિંતા નહીં કરવાની રશ્મીન બોલે... માઠુ નહીં લગાડવાનું’’ એમ કહીને હળવી કરી દે...

ઈશ્વર પાસે ઝટ જવાનો જાણે અણસાર આવી ગયો હોય એમ. ‘હું ના હોવ તો નંદીતા છે ચિંતા નહીં કરવાની...’ વાત એમણે અગાઉથી જ કરી દીધેલી.




સદાય બીજાને હસતા રાખનાર પ્રદિપભાઇનો જન્મદિવસ VSSMના એક કાર્યક્રમમાં ૨૦૧૫માં ઉજવવાનો થયો. તેમને શું ભેટ આપવી તેનું ઘણું મનોમંથન ચાલ્યું ને અમે સૌએ તેમની બાળસહજ સૌને હાસ્યની ભેટ આપવાની વાતને ધ્યાને લઇને બાળકોને ગમતાં ફુગ્ગાની ભેટ આપી. ને એ ખૂબ રાજી થયા. હાસ્યની ભેટ આપનાર પ્રદિપભાઇ તમારું નામ બોલતા જ સૌનાં મોંઢા પર કાયમ હાસ્ય રેલાય તેવી અભ્યર્થના. . .

એમનો મારા માથે હાથ બસ પછી કયાં કોઈ ચિંતા હતી દોડવાનું જ હતું ને...હું દોડી... એમના સાથે હોવાનો અહેસાસે જ છેલ્લા સાત વર્ષમાં ફજીજીસ્જુદી ઊંચાઈ પર પહોંચી શક્યું.

ખૂબ વહાલા પ્રદિપભાઈ, અમે સૌ તમને કાયમ ખૂબ યાદ કરીશું.

વિચરતી જાતિઓના જીવન બદલામાં તમે ના હોત તો હું કાંઈ ના કરી શકી હોત. . .

બસ સદાય સાથે રહેજો. . . જયાં પણ છો ત્યાંથી પણ. . . અમને જોજો ને હા, થાકી ગઈ છું તેવી એમજ ખબર પડી જતી ને તમે મને ફોન કરી હળવી કરી દેતા બસ એમ જ ફોન કરી દેજો. . . હું રાહ જોઈશ એ પ્રેમાળ, હૂંફવાળા હાથની. . .

ઈશ્વરના તમે વહાલાં છો જ છતાં ઈશ્વરને પ્રાર્થના કરીએ કે, એ તમને ખૂબ સાચવે. . . ને ફરી આપણે પાછા મળીએ તેમ ગોઠવે. . .

અમે સૌ તમને ખૂબ ચાહીએ છીએ. . . ને સદાય ચાહતા રહીશું.

**આદરભાવ સાથે**
**મિત્તલ અને વિ.એસ.એસ.એમ. ટીમ**



## વિવિધ દિશામાં થઇ રહેલા કામો

૧ કુદરતનો પ્રકોપ...૪
૨ ટંકારામાં આભ ફાટયું...૬
૩ ઉત્તર ગુજરાતમાં પૂર...૭
૪ થોડું પાછલું અને થોડું હાલનું મનોમંથન...૯
૫ જે જોયું તે...૧૪
૬ આફતગ્રસ્તોમાં શ્રદ્ધાના બી રોપીએ...૨૧
૭ ભગવાનને વધુ સરખું કરવા કેશું...૨૫
૮ પૂરનાં કારણો અને એના ઉપાયો...૨૬
૯ બસ હતું થઇ ગ્યું...૨૮
૧૦ પૂર અસરગ્રસ્ત કોને ગણવા...૨૯

**વિ.એસ.એસ.એમ.નું ટ્રસ્ટી મંડળ**

શ્રી માધવ રામાનુજ
શ્રી લીલાધર માણેક ગડા
શ્રી પ્રવીણ કે. લહેરી
શ્રી પારૂલ દાંડીકર
શ્રી મિત્તલ પટેલ
શ્રી પ્રજ્ઞેશ દેસાઇ
શ્રી ગીતા ગાલા

# કુદરતનો પ્રકોપ



એક સાંધે ત્યાં તેર તુટે એવી સ્થિતિમાં જીવનારી વિચરતી જાતિને ઝાડના થડ સાથે સાડીનું ઘોડિયું કરી એક સાથે ત્રણ બાળકોને સૂવડાવવાનું કરવું જ પડે. ગામ નજીક રહેવા ના દે એટલે છેટા રહેવાનું ને એના કારણે દરેક ચોમાસુ એમના માટે તો આકરું જ રહેવાનું...

'એય ઝટ ઊઠો ઉપરવાસમાં વરસાદ વધ્યો લાગે સે, આમ જુઓ પાણીનો આવરો વધ્યો.'

'હુઈ જા બહુ લપ કર્યા વના.'

પોતાના વરની સામે વધુ માથાકુટ કરવાનું માંડીવાળી એ સ્ત્રીએ ફરી સુવાની કોશીશ કરી પણ પાણી વધી રહ્યું હતું. એ થોડીવાર પછી પાછી બેઠી થઈ અને પોતાના વરને ઢંઢોળીને જગાડ્યો ખાટલાં નીચે પગ મુકતા જ ખ્યાલ આવી જતો હતો કે, ખરેખર પાણીનો આવરો વધી રહ્યો હતો. છાપરાંમાંથી પાણી રસ્તો કરીને બહાર નીકળી રહ્યું હતું. કાળી રાતમાં પાણીનો આવરો દૂરથી વર્તાતો નહોતો. પણ પાણી વધ્યાનો અણસાર હવે એનેય આવવામાં માંડ્યો. એણે બાકીના છાપરાંમાં રહેતા તમામને ઉઠાડ્યા અને સામાન થોડે દૂર ટેકરા પર લઈ જવાની સૂચના આપી ખાટલાં સહિત સૌ સામાન લઈ જવાની વેતરણમાં પડ્યા. કારણ કે,વગડાંમાં ખાટલાં જ સૌથી મોટો આધાર, ખાટલાં શિયાળે - ઉનાળે જીવજંતુથી બચાવે ને ચોમાસે ઝૂંપડાંમાં ભરાઈ જતા પાણીથી.

ગામની સાથે અને પોલીસ સાથે ઝઝૂમવાનું તો નસીબમાં કાયમનું લખાયેલું, વગડાંમાં ટાઢ, તાપ વેઠવાનું તો હવે કોઠે પડી ગયું. પણ આ ચોમાસામાં ધોધમાર વરસાદ સામે લડવાની હિંમત રહી નથી. ગામની સાથે સાથે કુદરત સામેય લડવાનું એવા મનોમંથન સાથે સામાનમાં બે - ચાર ગોદડા, ખાટલાં, બે દાડા ચાલે એટલું કરિયાણું, બે- પાંચ ઠામણાં, એકાદ બે જોડ કપડાં અને છાપરાં માથે ઢાંકેલું મીણીયું કાઢવાનું સૌએ ચાલુ કર્યું અને સંકેલાતું જાય એ હાથમાં લઈને સૌ ટેકરા તરફ જવા માંડ્યા. પેલી સ્ત્રીએ પણ પોતાનો થોડોકેય સામાન પાણીમાં વહી ના જાય તેનું ધ્યાન રાખી હાથમાં આવે એટલું ટેકરે મુકી આવવાનું શરૂ કર્યું. એનો વર મીણીયું કાઢી રહ્યો હતો એ



સામાન લઈને ફરી ટેકરે પહોંચી ત્યાં એને લાકડાંના બે દાંડા વચ્ચે સાડીથી બનાવેલા ઘોડિયામાં સુતેલું પોતાનું એક મહિનાનું બાળક યાદ આવ્યું. ઝટ દોડીને એ છાપરે પહોંચી તો બાળક જે ઘોડિયામાં સુતુ હતું એની ઉપરથી પાણી જઈ રહ્યું હતું.

સામાન લેવાની પળોજણમાં પોતાનું બાળક ભુલાઈ ગયાનું દુ:ખ આ ડફેર પતિ પત્ની બંનેને હતું. રડતા રડતા એમણે કહ્યું, 'પેટના જણ્યા કરતા સામાન કિંમતી લાગ્યો. આના કરતા રોઝડાનો અવતાર દીધો હોત ને તો હારુ થાય. કશુંયે લેવાની ચિંતા ના રેત. જાત જ બચાવવાની હતી ને? પણ અમે તો રોઝડા કરતાંય... '

૨૦૧૫ના ચોમાસાની આ વાત છે અને સ્થળ છે વિરમગામ તાલુકાની ભોજવા ગામની સીમ. જનમ પછી જીવવાની પળોજણ તો છે જ પણ મરણ પછી દફનનીયે પળોજણ છે...

પુરનો પ્રકોપ સર્જાય એ ટાણે માણસના હાથમાં કશું જ રહેતું નથી. ચોમેર પાણીનું સામ્રાજ્ય સ્થપાયેલું હોય એવામાં જાન- માલને અઢળક નુકશાન થવાનું અને એ આપણે માની પણ લઈએ. પણ ફક્ત રહેવાની સરખી વ્યવસ્થા ના હોવાના કારણે કે, ગામની નજીક ઊંચાણવાળી જગ્યામાં રહેવા ના મળે એના કારણે ભોજવામાં સર્જાઈ તેવી ઘટના સર્જાય તે કોઈ કાળે ચલાવી જ ના લેવાય.

ઘર વગરના પરિવારોની સ્થિતિ સામાન્ય ચોમાસામાં શું હોય તે સમજવા ખાતર જ ૨૦૧૫ની આ ઘટના વર્ણવી આમ તો ચોમાસુ બેસે, ધોધમાર વરસાદ વરસે, ચારે તરફ પાણી, કાદવ - કીચડ ને માખી મચ્છરનું સામ્રાજ્ય સ્થપાય, પહેરવાનાને પાથરવાના કપડાંમાંય ભેજ જણાય. આવામાં પાછુ અઠવાડિયું સળંગ સુરજદાદા દર્શન ના આપે તો તો ત્રાહીમામ પોકારી જવાય. પાકા ઘરમાં રહીએ, ગાડી ધરાવીએ, ચોમાસામાં ભરાયેલા પાણી કે કાદવમાં પગ મુકવાનુંયે ઝાઝુ ના થાય તોય વરસાદની અમી દૃષ્ટિએ વાટ જોતા આપણે સૌ એજ ચોમાસાથી કંટાળીએ. ત્યારે જે માણસ પાસે પોતાનું ઘર જ ના હોય ફૂટપાથ પર મીણિયાના ચારે છેડે ચાર ઈંટ બાંધી બે ઈંટ ફૂટપાથને અડીને આવેલી દિવાલ ઉપર ને બે ઈંટ ફૂટપાથની નીચે ઢાળ પાડીને મુકે. પ્રથમ દૃષ્ટિએ માથા ઉપર વરસતા વરસાદથી બચ્યાની લાગણી થાય. પણ જરા ધ્યાનથી જોઈએ તો માથું ઢંકાયું છે બાકી દિવાલ ઉપર પડતું પાણી તો દિવાલના સહારે છાપરાંમાં ઉતરે જ છે. સામાન કે પોતાની ગોઠવણ પણ ધરતી માથે ના થઈ શકે. ખાટલાનો સહારો હોય પણ એવા કાંઈ ચાર ખાટલા થોડા ગોઠવી શકાય. ચાર ખાટલા મુકાય તો મ્યુનીસીપાલીટીવાળા આવીને કાઢી ના મુકે! બે ખાટલામાં જ પરિવાર અને સામાન સાથે વાદળી રંગના પ્લાસ્ટીકમાં સમાઈ જવાનું. ઝૂંપડાં બાંધીને રહેતા હોય તોય એક સાથે દસ કે પંદર કે પચાસ છાપરાંમાં નવરી ગંદકી જ હોય.વસ્તુ કરતાં માખીનું પ્રમાણ વધારે જણાય. ઓઢવની દેવીપૂજક વસાહતમાં ચોમાસામાં જવાનું થયું. બપોરનું ટાણું હોય તો વસાહતમાં કોઈને રોટલો ઘડી દેવાનું કહુ ને ચા સાથે તો ક્યારેક શાક સાથે રોટલો ખાઈ લઉં. કરશનકાકાના ઘરે ગઈ અને કાકીએ રોટલો ઘડ્યો. હું થોડી વાત કરીને જમવા બેઠી તો રોટલાની ઉપર એટલી બધી માખીઓ બણબણતી હતી ને રોટલો એમાં ઢંકાઈ જતો હતો. ઘરવિહોણા માટે ચોમાસું એ પાણીની સાથે સાથે બિમારી લઈને આવનારુ પણ છે. અનરાધાર વરસાદમાં ક્યારેક તો ઘરતી માથે બનાવેલા ચુલા પર રોટલોય ઘડી ના શકાય. ખાટલાં ઉપર તબકડાં મુકીને એની અંદર ચૂલો ગોઠવી રસોઈ કરતા કેટલાય પરિવારો મેઘરાજાની પધરામણી વખતે જોઈ શકાય. જો કે ગુલાબભાઈ કહે એમ, 'ખાટલા માથે ચુલો કરીએ પણ બળતણ કોરુ હોય તો ઈ હળગે ને? રોજા ક્યો કે અપ્પા ઈ તો ઈની મેળે જ થઈ જાય.'

## ટંકારામાં આભ ફાટ્યું

મોરબીના ટંકારામાં એક જ દિવસમાં ૧૩ ઈંચ વરસાદ ખાબક્યો. નીચાણવાળા વિસ્તારમાં વિચરતી જાતિના ઘણા પરિવારો છાપરાં બાંધીને રહે. પાણી ધસમસતુ આવ્યું સામાન સમેટ બધુ લઈ ગયું. જીવ બચાવીને માંડ બહાર નીકળ્યા. કેટલાક તો માતાજીના પાકા મંદિર ઉપર જીવ બચાવવા ચડી ગયાને કલાકો બેસી રહ્યા. કાંગસિયા પરિવારો શૃંગાર પ્રસાધનો વેચવાનું કરે. તેમને ધંધો વધારવા સંસ્થામાંથી લોન આપી. તેઓ હોલસેલમાં સામાન ખરીદી લાવ્યા હતા. જે છાપરાંમાં જ હતો અને પુરના પાણીમાં એ તણાઈ ગયો. જીવ બચાવીને બહાર નીકળ્યા પછી મદદ માટે ગામના આગેવાનોને મળ્યા પણ તેમના પ્રતિભાવ બહુ જુદા રહ્યા. મદદની વાતો તો બાજુએ રહી પણ દાઝયા ઉપર ડામ દેવાય એવું કડવું સાંભળવું પડ્યું.

૭૦ પરિવારોને અસર થઈ હતી. સંસ્થાના કાર્યકર તેમને મળ્યા. સઘળી સ્થિતિ જોઈને મદદ કરવી પડશે તેવું તેમણે કહ્યું. આપણે ૭૦ પરિવારોને અનાજ, વાસણ તેમજ તાડપત્રી આપવાનું નક્કી કર્યું. અમદાવાદમાં સંસ્થા સાથે સંકળાયેલા સ્વજનોને અપીલ કરી અને સૌ મદદ માટે આગળ આવ્યા. અસરગ્રસ્ત પરિવારોને છત્રીસ કલાકમાં આપણે મદદ પહોંચાડી શક્યા.

હજારો, લાખો માણસો ગરીબીમાં બસ આમ જ સબડ્યા કરે. ઘરના ઘરની વાતો દરેક સરકાર કરે. સારુ જ છે કરવી જ જોઈએ. પણ એ આઝાદીના ૭૦ વર્ષે પણ પૂર્ણ ના થાય તે ઠીક નથી લાગી રહ્યું. વિકાસની દિશામાં ભારતે દોટ મુકી છે અને તે માટે બધુ જ કરવા કટીબદ્ધ થયા છીએ. ત્યારે આ દેશમાં જન્મનાર દરેક વ્યક્તિના માથે પાકી છતનો સંકલ્પ પૂર્ણ કરવામાં છેક ૨૦૨૨ સુધી શું કામ રાહ જોવાની?



પુરનું પાણી અમારુ બધુયે લઇ ગ્યું

વિચરતી જાતિ જેવા અસંખ્ય ગરીબો ઘર મળે તેની રાહ જોઈ રહ્યા છે અને એક દિવસ ઘર મળશે તેવા સોનેરી સ્વપ્ન સાથે જ આ દુનિયા છોડી જશે આવા પરિવારોની ઘરની મહેચ્છા પૂર્ણ થાય તો ટંકારામાં સર્જાઈ તેવી એકેય ઘટના નહીં સર્જાય અનો કોઈનાોય વહાલસોયો સામાન બચાવવાની લાયમાં ઘોડિયામાં કાયમ માટે ઢબુરાઈ નહીં જાય.



## ઉત્તર ગુજરાતમાં પુર...

### VSSM દ્વારા આપ સૌ સ્વજનોના સહયોગથી થયેલું રાહત કાર્ય અને આગામી આયોજન

ટંકારામાં મદદ પહોંચાડી એ વેળાએ જ રાજસ્થાન અને ઉત્તર ગુજરાતમાં વરસાદે પાછી માઝા મુકી.બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં રહેતા લોકોને ખુબ નુકશાન થયું. ઘરમાં હતું એ બધુ ખરાબ થઈ ગયું, ક્યાંક તો બધુ તણાઈ જ ગયું. કાચા ઘરોમાં રહેતા લોકોના ઘરો જમીન દોસ્ત થઈ ગયા, તો ક્યાંક દરવાજા જ રહ્યાને બાકીનું બધુ જ ગયું. વિચરતી જાતિના પ્લાસ્ટીકના મીણીયામાંથી છાપરું બનાવીને રહેનારા પરિવારોનું પણ પહેલાં અહીંયા અમારુ છાપરુ હતું તેવી સ્થિતિ થઈ ગઈ. એના વિષે વધારે વિગતો અંદરના પાને છે.

પુર પ્રકોપનો ભોગ બનેલા સ્વજનોએ તત્કાલ જમવાનું પહોંચાડવા વિનંતી કરી એટલે થરાદમાં આપણે ખીચડી બનાવીને વહેંચવાનું શરૂ કરી દીધું પણ બીજે બધે આ સંભવ નહોતું. આવામાં આપણે આપણી સંપર્કમાં હતા તેવા લોકો પાસેથી પુરી, થેપલા, સુખડી, ભાખરી, ફુલવડી વગેરે બનાવડાવીને વિતરણની વ્યવસ્થા કરી. તો સાથે જ અનાજની જરૂરિયાત પણ પડવાની તે સમજાયું. શરૂઆતમાં આપણે ચારસો કીટની વ્યવસ્થા કરવાનું નક્કી કર્યું. પણ કાર્યકરો જેમ જેમ ફિલ્ડમાં ફરતા ગયા તેમ તેમ જોતા ગયા કે ઘણા બધા લોકો પાસે રસોઈ બનાવવાનો કોઈ સામાન જ બચ્યો નથી. આમ આ આંકડો વધતો ગયો અને આપણે ૨૫૦૦



આપ સૌ સ્નેહીજનોની મદદથી આપવામાં આવેલી રાશનની કીટ સાથે પુરઅસરગ્રસ્ત વ્યક્તિઓ અને વી.એસ.એસ.એમ. ટીમ




ચારે કોર બસ પાણી જ પાણી...પણ કેટલીક જગ્યાએ પાણીને હજુએ દરિયા કે રણ ભણી જવાના રસ્તા નથી જડ્યા...

જેટલા પરિવારોને જરૂરિયાત મુજબ અનાજ અને તાડપત્રી આપવાનું નક્કી કર્યું ને અમદાવાદ અને મુંબઈમાં રહેતા ફ્રેન્ડ્સ ઓફ વિ.એસ.એસ.એમ. સાથે સંકળાયેલા સ્વજનોએ એ માટે મદદ કરી.

અનાજની કીટમાં ૧૫ કી.ગ્રા. ઘઉંનો લોટ, ૧૦ કી.ગ્રા. ચોખા, ૫ કિ.ગ્રા. મગની દાળ, બે કી.ગ્રા. તેલ, ૧ કી.ગ્રા. મીઠું, ૨ કી.ગ્રા. ખાંડ, ૨૫૦ ગ્રામ મરચુ, ૨૫૦ ગ્રામ ચા, ૧૦૦ ગ્રામ હળદર, ૧૦૦ ગ્રામ ધાણાજીરુ, ૧૦૦ ગ્રામ રાઈ, મેચ બોક્સ અને તાડપત્રીનો સમાવેશ કર્યો હતો. રાહત સામગ્રી પાછળ રૂા. ૪૪ લાખનો ખર્ચ થયો.

જો કે મદદની જરૂરિયાતવાળા પરિવારોની સંખ્યા ૨૫૦૦ કરતા વધારે જ હતી પણ એનો રસ્તો જુદો કર્યો. બનાસકાંઠામાં રાહત સામગ્રીના વિતરણ માટે વિવિધ જગ્યાએથી આવતા કેટલાક લોકોને સમજાવીને આપણે જ્યાં જરૂરિયાત હતી ત્યાં રાહતકીટ અપાવવાનું કર્યું. જેમાં કચ્છ નવ નિર્માણ અભિયાન, કચ્છી જૈન ફાઉન્ડેશન, આરતી ફાઉન્ડેશન, પાલનપુરના ડૉ. જયેશભાઈ બાવીસી, લાયન્સ કલબ ઓફ શાહીબાગના શ્રી સંજય સોની, સુરતથી શ્રી વલ્લભભાઈ સવાણી(બાપુજી), ટાટા ટ્રસ્ટ, જલારામ મંદિર, ગાયત્રી પરિવાર, શ્રી હરેશભાઈ ચૌધરી, શ્રી ભગવાન દાસ બંધુ વગેરે સ્વજનો પણ ખુબ મદદરૂપ થયા.

## પુનઃવસનના કામોનું આયોજન

પુર અસરગ્રસ્ત લોકોને તત્કાલ રાહત આપવા જેટલું જ અગત્યનું તેમને ફરી બેઠા કરવાનું છે. આપણે તેમના પુનઃવસનના કામોમાં મહત્તમ કામ કરવાનું નક્કી કર્યું છે અને તેમાં ફ્રેન્ડ્સ ઓફ વિ.એસ.એસ.એમ.સાથે સંકળાયેલા સ્વજનો, કચ્છી જૈન ફાઉન્ડેશન-મુંબઈ, કચ્છ નવનિર્માણ અભિયાન, આરતી ફાઉન્ડેશન-મુંબઈની ભૂમિકા ચાવીરૂપ રહેશે.

આપણે બે પ્રકારે પુનઃવસનના કામો કરવાનું નક્કી કર્યું છે.

(૧) પુરમાં જેમના વેપાર ધંધાને નુકશાન થયું છે. અથવા ધંધા રહ્યા જ નથી તેમને ફરીથી ધંધા કરવા માટે વગર વ્યાજે લોન આપવાનું પ્રથમ કરીશું.

(૨) જેમના ઘર પડી ગયા છે અથવા ઘરને મોટુ નુકશાન થયું છે તેમના ઘરો સરખા કરવાનું અને નવા ઘરો બનાવવાનું પણ કરીશું અને ઘર માટે સરકારની મદદ મળી શકે એમ હોય તો તે મેળવી ખુટતી રકમ આપણે ઉમેરીશું.



## થોડું પાછલું અને થોડું હાલનું મનોમંથન



૨૦૧૫માં આવેલ પુરે ખાનપુર, નાગલા અને ડોડ ગામના ખેડૂતોને આર્થિક રીતે ખુવાર કરી દીધા. જેનું પુનરાવર્તન ૨૦૧૭માં થયું.

બનાસકાંઠા જિલ્લાના રણની કાંધીને અડીને આવેલા વિસ્તારોમાં વરસાદ ખુબ ઓછો પડે. અછતગ્રસ્ત આ વિસ્તારમાં જુલાઈ ૨૦૧૫માં અચાનક પાણીનો આવરો વધ્યો. આભ ફાટે તો આવું પાણી આવે એવું લોકોએ કહ્યું. જ્યારે પોતાના ગામોમાં આવો અનરાધાર વરસાદ તો પડ્યો નહોતો છતાં આવું પાણી આવ્યું ક્યાંથી? ખેર એ બધુ ઝાઝુ વિચારવાનું એ વખતે ના થયું. તેમને તો વર્ષો પછી આવું પાણી આવ્યાનો રાજીપો હતો.ગામોના પાધરે પાણી આવ્યા ત્યારે તો લોકોનો હરખ માતો નહોતો. આટલું બધુ પાણી? આ વરસ તો સારુ જશે એવું માનીને કંકુ, ચોખા ને ઢોલ, શરણાઈ વગાડી, ગીતો ગાતા ગાતા ગામલોકો પાણી વધાવવા ગયા. પાણી ગામના પાદરે રોકાઈ જશે તેવું લોકોને લાગતું હતું. મૂળ તો વરસાદ ક્યાં કેટલો ખાબક્યો તેનો અંદાજ નહોતો એટલે પાણી રોકાઈ જ જશે તેમ માનેલું પણ પછી તો પાણી પાદર વટાવી ગામની વચમાં અને પછી તો ઘરોમાં ફરી વળ્યું.ત્યારે ખ્યાલ આવ્યો કે આ તો કુદરતે સર્જેલી તારાજી છે. પુર છે...

ક્યાંય પણ વરસાદ પડે તો પાણી પ્રથમ જે તે જગ્યાએ સમાઈ જવા કોશીશ કરે. જ્યારે એ સંગ્રહ સ્થાન ભરાઈ જાય પછી પાણી પોતાની વાટ અને એ પણ દરિયા તરફની પકડે. સમગ્ર ધરતી પર પડતા વરસાદી પાણી આ નિયમ પ્રમાણે જ ચાલે અને એ માટે વરસાદી પાણીના નિકાલના કુદરતી વહેણ પણ દરેક વિસ્તારમાં જોવા મળે. પણ બનાસકાંઠામાં ડીસા પાસેથી પસાર થતી બનાસ નદીને પાર કરીને ઉત્તર તરફ એટલે કે થરાદ, વાવ તરફ જઈએ તો પાણી નિકાલ માટેનું એકેય કુદરતી વહેણ એટલે કે નદી કે વોકળોય આ વિસ્તારમાં જોવા ના મળે. સરકાર દ્વારા બનાવવામાં આવેલી સુજલામ સુફલામની કાચી કેનાલ આ વિસ્તારમાં ખરી પણ એય કાંઈ વરસાદી પાણીના નિકાલ માટે નહીં.

સ્થાનિક લોકોના કહેવા પ્રમાણે અમારા ઘૈડિયાના વખતમાં આવું પાણી આવ્યું તું બાકી જુવાનિયામાંથી તો કોઈએ આવું પાણી ક્યારેય જોયું નથી. ૨૦૧૫માં આવું પુર આવ્યું ત્યારે લોકોએ આવી વાતો માંડેલી એ વખતે લોકોને ખુબ નુકશાન થયું. પણ મહેનતથી લોકો પાછા બેઠા થયા. જેમ તેમ કરીને ક્યાંકથી ઉધાર લાવીને, ક્યાંક સરકારની મદદ મળીને તો ક્યાંક જમા કરેલી પુંજી કાઢીને વિખેરાયેલું બધુ ગોઠવ્યું. એક વખત થપાટ પડી, વારેવારે થપાટ થોડી પડે એમ ધારેલું પણ ગ્લોબલ વોર્મિંગના કારણે વાતાવરણ બદલાઈ રહ્યું છે. નપાણીયા વિસ્તારો પણ જળબંબાકાર થઈ રહ્યા છે. બસ કુદરતના આ ફેરફારે ફરી રૂપ બદલ્યું ને જુલાઈ ૨૦૧૭માં રાજસ્થાનમાં પાછો ખુબ વરસાદ પડ્યો. પાણીએ બનાસકાંઠા અને પાટણમાં થઈને દરિયા તરફ દોડ માંડી. પાણી નિકાલની વ્યવસ્થા જ્યાં નહોતી ત્યાં પાણીએ પોતાની રીતે રસ્તો શોધ્યો. ક્યાંક રસ્તો હતો પણ પાણી વિપુલમાત્રામાં આવ્યું ને નદી તેને વહન ના કરી શકી અને પાણીએ નદીમાંથી જુદો ફાંટો કર્યો ને ક્યાંક કેનાલ તૂટી. અધુરામાં પુરુ જ્યારે પાણી આ વિસ્તારમાં તારાજી સર્જી રહ્યું હતું તે ટાણે બારેમેઘ ખાંગા થયા. ખુબ વરસાદેય ભેગો ભળ્યો. ચાર ચાર દિવસ સુધી લોકો ઘરના ધાબા પર કે ગામના ઊંચાણવાળા વિસ્તારોમાં બંધ થઈ ગયા. કુદરતનું રૌદ્રરૂપ અહીંયા વસતા તમામે જોયું.

૨૦૧૫માં જે તારાજી થઈ હતી તેનાથી કેટલાય ગણી તારાજી ૨૦૧૭માં થઈ. ૨૦૧૫માં ખેતરો ધોવાઈ ગયા, પશુઓ તણાઈ ગયા અને ઘણા માણસો જીવથી ગયા. ૨૦૧૭માં પાછો કાળો કેર વરસ્યો. ફરીથી રાજસ્થાનમાં ખુબ વરસાદ પડ્યો ને પાણી એ દરિયા તરફ દોટ માંડી એમાં રાજસ્થાન અને ગુજરાતના ઘણાય ગામડાં તબાહ થઈ ગ્યા.

## ખીલે બંધાયેલા ઢોરેય ના છોડી શક્યા...

૨૦૧૫ના પુરમાં ખુબ તારાજી થઈ. કુદરત સર્જીત આ હોનારતમાં માણસોની સાથે સાથે ઢોર ઢાંખરને ખુબ નુકશાન થયું. કેટલાક ખેડુતોએ પોતાના વહાલસોયા ઢોરોને પાણીમાંથી ઉગારી નહીં શકાય તેવું  સમજી ખીલેથી છોડી દીધા તો કેટલાકને તો ખીલેથી છોડવાનો વખતેય ના મળ્યો અને ....

સરકાર, સમાજ અને સ્વંયસેવી સંસ્થાઓએ મળીને ૨૦૧૫માં નિર્મીત સંકટની ઘડીને સંભાળવા કોશીશ કરી. શક્ય મદદ કરી સૌને પ્રથમ નજરે જોઈ શકાય તેમ બેઠા કર્યા. જન જીવન પણ ધીમે ધીમે રાબેતા મુજબ આવતું ગયું. પણ આ પુરમાં એવા ઘણાય હતા કે જેઓનું સર્વસ્વ ખુવાર થઈ ગયું હતું ને ૨૦૧૭માં પણ એજ દશા થઈ. કેટલાકની તો હવે હિંમત જ ભાંગી ગઈ છે. હવે નહીં બેઠા થઈ શકાય તેવું મનમાં ઠસાઈ ગયું છે.

## પડ્યા પર પાટુ- ૨૦૧૫ પછી ૨૦૧૭માંય નાગલા, ખાનપુર અને ડોડગામમાં તારાજી સર્જાઈ...

૨૦૧૫માં સર્જાયેલા પુરની સ્થિતિની વાત લખવી જરૂરી છે. કારણ એ વખતે થયેલું ઘણું ૨૦૧૭માં ફેર થયું. કેટલીક જગ્યાએ તો માનવ સર્જીત ભૂલોના કારણે નિર્દોષ લોકોને વેઠવું પડી



રહ્યું છે.

થરાદ તાલુકાના ત્રણ ગામ નાગલા, ખાનપુર અને ડોડગામની સીમમાં ૨૦૧૫માં ભરાયેલા પુરના પાણી ઓસરવાનું નામ નહોતા લેતા. આઠ,દસ ફૂટ તો કેટલીક જગ્યાએ તો એનાથીએ વધારે માત્રામાં પાણી ભરાયેલા પડ્યા રહ્યા. શું થયું કેમ આવી રીતે પાણી ભરાઈ ગયા? પુર આવવાનું તો ઘણા વર્ષો પહેલાં પણ થયું હતું પણ ત્યારે પાણી આમ ભરાઈને પડ્યા રહ્યાનું નહોતું થયું. ત્યારે અત્યારે આવું કેમ થયું? પાણી તો એનો માર્ગ શોધીને વહી જતું. એની જગ્યાએ આ ત્રણે ગામના લગભગ ત્રણ કિ.મી. થી વધારે વિસ્તારમાં પાણી ભરાઈ રહ્યા હતા. બંધિયાર પાણીમાં લીલ થાય અને એના કારણે પાણી લીલુ દેખાય બસ આ ગામોની સીમમાં ભરાયેલા પાણીનો કલર પણ લીલો  થઈ ગયેલો. ત્રણે ગામના ખેડુતોએ સરકારમાં રજૂઆત કરી. પોતાની કિંમતી જમીનમાં પાણી ભરાઈ રહ્યા છે. ખેતી કરી શકાતી નથી. પાયમાલ થઈ ગયા છીએ. પાણી ઉલેચવાની વ્યવસ્થા સાથે કુદરતી રીતે પાણી નિકાલની જે વ્યવસ્થા પહેલાં હતી તેમાં જ્યાં અવરોધો આવ્યા છે તે સરખા કરવાની વાત તો ક્યાંક પાણી નિકાલની નવી વ્યવસ્થાની વાત ખેડુતોએ કરી પણ કોઈ સાંભળે નહીં. મહિનાઓ વીતી રહ્યા હતા. હારી થાકીને ખેડુતો થરાદ પ્રાંત કલેક્ટરની કચેરીમાં ઉપવાસ ઉપર પણ બેઠા. ત્યારે જતા તંત્ર થોડું ખળભળ્યું. પાણી નિકાલની વ્યવસ્થાનો વાયદો કરી ઉપવાસીઓને પારણા કરાવ્યા. પણ પછી હતું તેમના તેમ પાણી નિકાલની કોઈ જ ગતિવિધી થઈ નહીં.

અમે વિચરતી જાતિઓ સાથે કામ કરીએ. વળી જે ગામોમાં પાણી ભરાયા છે ત્યાં આપણે કોઈ દિવસ ગયા નહોતા. પણ આ વિસ્તારના લોકો સંસ્થાના કામને જાણે. થાકીને તેમણે સંસ્થાના કાર્યકર શારદાબહેનને એક વખત આવીને સઘળી સ્થિતિ જોઈ જવા કહ્યું. તેમણે જે જોયું તેના ફોટો અમને મોકલ્યા. ચોમાસુ પુર થઈ ગ્યા પછી પણ લોકોના ઘરો પાણીમાં ડુબેલા પડ્યા હતા. મુંબઈ સ્થિત આદરણીય શ્રી રશ્મીનભાઈ સંઘવીને ફોટો મોકલ્યા. તેઓ જળવ્યવસ્થાનના કામોના જાણકાર અને અમારા શુભેચ્છક. તેમણે પાણીના નિકાલની વ્યવસ્થામાં સહાયભૂત થવાનું નક્કી કર્યુ અને અમે આ કામામાં જોડાયા.

આ ત્રણેય ગામની નજીકથી નર્મદાની મુખ્ય કેનાલ અને માઈનોર કેનાલ પસાર થાય. ડોડગામ - નાગલા રોડ કેનાલની નજીકથી પસાર થાય. આ રોડની નીચે વરસાદી પાણીના આવરા માટે નાળા નાખવામાં આવ્યા છે. આમ આખા થરાદ પંથકનું પાણી આ નાળા મારફત આ ત્રણે ગામમાંથી આવે પણ આગળ ડોડગામમાંથી મોરીખા ગામના સીમાડા સુધી કેનાલ કે ગટરલાઈન નાખીને પાણીના નિકાલની વ્યવસ્થા થઈ શકે.

ડોડગામ, નાગલા અને ખાનપુરના ખેડુતોની તથા આપણી ખુબ રજૂઆતો પછી સરકારે આઠ મહિને પાણી નિકાલ માટે પાઈપો ગોઠવી અને પાણી ઉલેચીને ડોડગામમાં સંસ્થાની મદદથી ખોદાયેલા તળાવોમાં અને નર્મદાની કેનાલમાં નાખ્યા. પાણી ભરાઈ રહેવાના કારણે ખેડુતો ખેતીની બે સીઝન ના લઈ શક્યા અને નાગજીભાઈ પટેલ જેવા ઘણા ખેડુતો જેમણે દાડમ, આંબાની બાગાયતી ખેતી કરી હતી તેમના બધા ઝાડ સુકાઈ ગયા. સિંચાઈ માટે બનાવેલા ઘણા બોરવેલ પાણી ભરાઈ રહેવાના કારણે ફેઈલ ગયા. સાથે સાથે આટલો લાંબો સમય સુધી ખેતરોમાં પાણી ભરાઈ રહેવાના કારણે ભૂગર્ભ જળના તળ ઊંચા આવી ગયા. હવે તો અડધો ફૂટ જમીન

ખોદે અને પાણી મળે તેવી સ્થિતિ નિર્માણ પામી. જમીનની ખારાશ પણ આના લીધે ઉપર આવી અને ખેડુતની સોના જેવી કિંમતી જમીન ખરાબ થઈ ગઈ. ખેતી કરવા જમીનને ફરી સારવાની જરૂર પડી. બહારથી વેચાતી માટી લાવીને જમીન પર એક થી દોઢ ફૂટ નાખવી પડી. ત્યારે જતા ફરીથી વાવણી કરી શક્યા.

કુદરતની આ થપાટ અને વહીવટીતંત્રની મદદ યોગ્ય સમયે ના પહોંચવાના કારણે ખેડુતોની દશા માઠી થઈ હતી. ગામોમાં ભરાયેલા પાણીના નિકાલ માટે શું કરી શકાય તેની વાત કરવા અમે ભેગા થયા. ત્યારે  ખાનપુરગામના નાગજીભાઈએ પોતાના ખેતરમાં આવવા નિમંત્રણ આપ્યું. પહેલી નજરે ખબર પણ ના પડે કે, આ જીંદાદીલ માણસને પાણીએ શું નુકશાન પહોંચાડ્યું છે તે એમની સાથે ગયા ત્યારે ખબર પડી. દુરથી એમણે પાણીમાં ગરકાવ થયેલું પોતાનું ઘર બતાવ્યું. દાડમ, આંબાની આખી ખેતી ફુવારા પદ્ધતિથી કરતા હતા તે બધુ જ નષ્ટ થઈ ગયાનું જણાવતા તેમણે કહ્યું, 'બેન દશકો પાછળ પડી ગયા. કરોડ રૂપિયાનું નુકશાન થયું. અમને સંસ્થા પાસેથી સહાય નથી જોઈતી પણ સરકાર અમને મદદ કરે એમ ઈચ્છીએ છીએ.' પોતાના ઘર સુધી જવા માટે એમણે તરાપો બનાવ્યો હતો. જેમાં અમે સૌ બેઠા. તરાપાના માધ્યમથી ઘરમાં બચેલી કેટલીક સામગ્રી એમણે કાઢી. બાકી આખા ઘરમાં બંધિયાર પાણી જેના કારણે અન્ય વસ્તુઓ તો સાવ સડી ગઈ. પણ ઘર એ ઘર છે એટલે રોજ ત્યાં આંટો મારવા જતા. એ વખતે તો થાકેલા નાગજીભાઈ જેવા ઘણા ખેડુતોએ નોકરી મળે તો નોકરી કરવાની વાત કરી. પેલી કહેવત છે. ઉત્તમ ખેતી,





મધ્યમ વેપાર અને નફ્ફટ નોકરી. (અહીંયા નફ્ફટનો ભાવ માલિકીભાવ ના હોવા સાથે હશે). આ કહેવતથી ખેડૂતો અજાણ નથી પણ કુદરતની થપાટની સાથે ક્યાંક માનવસર્જીત આફતોથી કંટાળીને તેમણે નોકરી કરવાનું સ્વીકાર્યું હશે.

ખેર પછી તો વહીવટીતંત્ર સાબદુ થયું અને પાણી ઉલેચવા માટે પાઈપો ગોઠવાઈ. જમીનમાંથી પાણી ખાલી થયું. ખેડુતો રાજી થયા. પણ મૂળ પ્રશ્ન હતો વરસાદી પાણીના કાયમી નિકાલનો. જે તરફ એક રીતે જોઈએ તો દુર્લક્ષ જ સેવાયું. જુલાઈ ૨૦૧૫માં હોનારત થઈ તે પછી ૨૦૧૬માં ચોમાસુ નબળુ રહ્યું. આ વિસ્તારમાં વરસાદ જ ના પડ્યો. એટલે ખેડુતોને બહુ વાંધો પણ ના આવ્યો. પણ ૨૦૧૭માં ચોમાસાની શરૂઆત સારી થઈ. થરાદ પંથકમાં પાછો સારો વરસાદ પડ્યો અને આ ત્રણે ગામની સીમમાં પાછા પાણી ભરાયા. હજુ આ પાણીના નિકાલની વાત ચાલતી હતી ત્યાં પુરના પાણી આ પાણીમાં ભેગા ભળ્યા. કેટલાય માણસોની ખેતીની જમીન અને ઘર પાછા પાણીમાં પાછા ગરકાવ થઈ ગયા.

નાગજીભાઈએ સરખુ કરાવેલું ઘર પણ પાછુ પાણીમાં ગરકાવ થયું. બોરવેલ અને અન્ય સાધનો પણ. ૨૦૧૫ની જેમ ૨૦૧૭માંય આ ગામોના ૩૦૦ ખેડૂતો પાણી નિકાલની કાયમી વ્યવસ્થા માટે રજૂઆત કરી રહ્યા છે. આ વખતે પણ તેઓ ખેતીની બે સીઝન કે તેનાથી વધુ નહીં લઈ શકે. મુખ્યમંત્રી શ્રીએ પણ આ ગામોના લોકોની મુલાકાત લીધી અને આશ્વાસન આપ્યું પણ એ આશ્વાસન ત્યારે સાચુ  પડે જ્યારે પાણી નિકાલની કાયમી વ્યવસ્થા થાય.

નાગજીભાઈએ મુખ્યમંત્રી શ્રીને પણ કહ્યું, 'અમારે મફત કેટલા દિવસ ખાવું?' આ સમસ્યાનો કાયમી ઉકેલ સ્થાનિક માણસો સાથે બેસીને લાવવો જોઈએ. ઉકેલ નહીં આવે, ને આવા ચોમાસા આવતા રહ્યા તો આ ગામના માણસો આર્થિકની સાથે સાથે માનસીક રીતે પણ ખુવાર થઈ જશે. મુખ્યમંત્રીશ્રીએ પુરનો સતત ભોગ બનતા કેટલાક ગામોના પુનઃવસન માટે વાત કરી જેમાં નાગલા ગામનો સમાવેશ કર્યો છે. ઘર થઈ પણ જાય પણ ખેડૂતની જમીનનું શું?  વળી પાલનપુર અને ડોડ ગામના ખેડૂતોની ચિંતા તો ક્યાંય થઈ નથી.

અહીંયા સમસ્યાના કાયમી સમાધાન તરફ જવાની જરૂર છે. જ્યાં સરકાર ઉદાસીન જણાય છે. ડીઝાસ્ટર મેનેજમેન્ટ, હોનારતોને રોકવા અથવા થયેલી હોનારતોમાંથી શીખી ભવિષ્યમાં આવી સ્થિતિ નિર્માણ ના પામે તે જોવાનું કરે છે. ત્યારે થરાદની આ ત્રણે ગામોની સ્થિતિને લઈને વર્ષ ૨૦૧૫-૧૬માં જ કામ થઈ જવું જોઈતું હતું તે કેમ થયું નહીં તે પ્રશ્ન છે?  આજે વરસાદનું એક ઝાપટું પડે તોય પાણી ભરાઈ ગયાનું આપણે ઠેર ઠેર જોઈએ છીએ. લોકોએ પાણીના અવરોધોને ખરી રીતે અવરોધ્યા છે એટલે આ સ્થિતિ સર્જાય છે. આડેધડ બાંધકામ તો ક્યાંક રોડ, કેનાલ બનાવતા પહેલાં પાણીના નિકાલની વ્યવસ્થા ના જોવાનું કારણ આ બધા પાછળ જણાય છે.

નાની લાગતી આ બધી બાબતો તરફ દુર્લક્ષ સેવવાથી ક્યારેક કેટલી મોટી જાનહાની થઈ શકે તેનો ખ્યાલ સુદ્ધા નથી આવતો. ૨૦૧૫માં તો ઘણાય જાનવરો પાણીમાં આમ જ તણાઈ ગયેલા. ૨૦૧૭માં અગાઉથી ચેતવણી મળેલી એટલે જાનહાની  ઓછી થઈ પણ થઈ તો છે જ. સાથે આર્થિક ખુવારી પણ ખુબ મોટા પ્રમાણમાં થઈ તે જુદી...

ખેર ડોડગામ, નાગલા અને ખાનપુરગામના લોકો ફરી ઉપવાસ પર બેસે તેની રાહ જોયા વગર તેમના પ્રશ્નનો કાયમી ઉકેલ આવે તેવા દિશાનિર્દેશ ઉપરથી તત્કાલ થાય તેમ ઈચ્છીએ...



**૨૦૧૫માં સર્જાયેલી પૂરની પરિસ્થિતિમાં ખાનપુર ગામના ખેડૂતના ઘરની સ્થિતિ**



નાગજીભાઈની ૨૦૧૫ અને ૨૦૧૭માં આવેલા પુર વખતની સ્થિતિ ફોટોમાં જોઈ શકાય છે. તેઓ અને તેમના જેવી જેમની દશા થઈ છે તે કહે છે, 'પાણી નીકાલની કાયમી વ્યવસ્થા નહીં થાય તો અમે કંગાળ થઈ જઈશું અને આમ વારેવારે બેઠા થવાનુંયે અમારાથી નથી થવાનું.'



**૨૦૧૭માં સર્જાયેલી પૂરની પરિસ્થિતિમાં ખાનપુર ગામના ખેડૂતના ઘરની સ્થિતિ**



## જે જોયું તે.....

# અમને બીજે જગ્યા આપો...



પોતાના પર જે વિત્યુ એની વાત કરતી પટણી ઓઢાગામની બહેનો

રણની કાંધીએ આવેલું વાવ તાલુકાનું નાળોદર ગામ. ૨૦૧૫માં આવેલા પુરથી આ ગામને ખુબ નુકશાન થયેલું. કેટલાકના ઘરો સાવ તુટી ગયા તો કેટલાકના ઘરોમાં તિરાડ પડી ગયેલી. ખુબ મહેનત કરીને લોકોએ પોતાના ઘરો ઊભા કર્યા હતા. આ ઘરોમાં ૨૦૧૭ના પુરથી તિરાડો પડી તો ક્યાંક ઘર હોવાનું અસ્તિત્વ જ ખતમ થઈ ગયું. ગામના ઈહરાભાઈ ઠાકોરે કહ્યું, ‘આખા ગામમાં પાણી ફરી વળ્યા હતા. બધાએ નિશાળમાં આશરો લીધેલો. પાણી ઓસર્યાને સાથે ઘરોનોય જીવ લઈને ગયા. બધુ ફરી બેઠું કરવું વારે ઘડીએ શક્ય નથી. અમને બીજે ક્યાંક વસાવે એજ વધારે યોગ્ય લાગે છે. બાકી પાણી તો હવે આવ્યા કરવાનું.’ ઈહરાભાઈની વાત સાચી હતી. નાળોદરમાં રહેતા બજાણિયા, ઠાકોર, દલિત સમુદાયમાંના ઘણાના ઘરો જમીનદોસ્ત થઈ ગયા હતા તો ઘણા ઘરો સાવ જર્જરીત થઈ ગયા હતા જ્યાં રહેવાનું કોઈ કાળે શક્ય નથી. જો કે સરકારે આ ગામને બીજે વસાવવાની જાહેરાત પણ કરી છે જે સરાહનીય છે.

આવી જ વાત ખારિયાગામના પટણી ઓઢામાં રહેતા ૧૦૦ ઉપરાંત દેવીપૂજક પરિવારોએ કરી. ‘અમારે અહીંયા નથી રહેવું બેન બીજે ક્યાંક ઊંચાણે ના વસાવી હકો? ૨૦૧૫ના પુરમાંય



આવી જ દશા થયેલી તે માંડ માંડ ઊભા થ્યા ને ફરી પાછુ ૨૦૧૭માંય. તણ દાડા લીમડા માથે બેહી રયા. ૨૦૦ મણ અનાજ ઓય દાટ્યું ને ચાર ભેંસોય! ખેતીની અમારી જમીન તમે જોઈ ન શું હાલ કર્યા હ પોણીએ? ૨૦૧૫મોં તો જમીન હરખી કરવા બલ્લે સરકારે મશીન આલ્યા પણ આ ફેરા કોય નહીં.’ વાત કરતા કરતા જ શાંતાબહેન પટણી અને અન્ય રડી પડ્યા. સરકાર પાસેથી કેસડોલ સિવાયની એકેય રકમ પણ આ પરિવારોને મળી નથી. હા સર્વે થયું છે. પણ ‘હે બેન જે લોકો ડેરીમાં દૂધ ભરાવતા હોય અને એમની ભેંસો મરી ગઈ હોય એમને જ સરકાર પૈસા આપશે. પણ મારા તો બકરાં, ગાય અને બળદ ગયા તે અમને પૈસા નહીં આપે? મૂવુ ઢોર માથે પૈસા લેવાનો વિચારેય કેવો. ભલે ઢોર હોય પણ મમતા તો ઈની હાથેય બંધાઈતીજ ને પણ શું કરીએ વખાના માર્યા આ બધુ માંગવું પડ.’ એવી કેટલીયે લાગણી આ પરિવારો એ વ્યક્ત કરી.





હવે સહન નથી થાતુ અમને બીજે ઊંચાણમાં વસાવો. પાણીની બીકે રાતના ઊંઘીએ નથી શકતાની વાત કરતા પટણી ઓઢાગામના પરિવારો

પાણી એવું આવ્યું કે, ખીલે બાંધેલી ભેંસ, ગાય, બળદ કે બકરાં કશુંયે છોડવાનો વખત ના મળ્યો. પાણીમાં ગૂંગળાઈ કેટલા વને આ અબોલ જીવોનો જીવ ગયો હશે? ખીલે બંધાયેલા અને એમ જ મોતને ભેટેલા અબોલ જીવોના ફોટો એમણે બતાવ્યા. કંપારી છુટી જાય એવું દૃશ્ય આંખ આગળથી હજુએ ખસતુ નથી.

પાણીની એવી ફડક બેસી ગઈ છે કે, રાતના સરખુ ઊંઘીએ શકતા નથી. બાળકો અને વૃદ્ધોને તેઓએ સગા વહાલાંઓના ઘરે મોકલી દીધા છે. ખારિયા ગામની નજીક રહેતા અને તે સિવાયનાય ઘણા ગામો જેમાં ૨૦૧૫ અને ૨૦૧૭માં પાણી ફરી વળ્યા હતા તે ગામના લોકો પોતાના રહેણાંકની વ્યવસ્થા ક્યાંક ઊંચાણવાળી જગ્યામાં કરવા સરકારને વીનવણી કરી રહ્યા છે. રહેઠાણ ઊંચાણમાં થાય તો ચોમાસામાં ત્યાં રહેવા જતું રહેવાય તેવી તેમની લાગણી છે. હાલ જ્યાં રહે છે ત્યાં તેમની પાસે ખેતીની જમીન પણ છે. સરકાર ખેતીની જમીન આપીને પુનઃવસન કરે તો આ બધુ મુકીને જતા રહેવાની પણ તેમની ઈચ્છા છે. પણ તેમ ના થાય તો ફક્ત રહેણાંક માટે જગ્યા આપે તોય આ પરિવારોને રાજીપો છે. તેમના કહેવા પ્રમાણે, ‘ રહેવા માટે જગ્યા મળી જાય તો ચોમાસુ શરૂ થાય તે પહેલાં અમે માલ - ઢોર સાથે નવી જગ્યાએ જતા રહીએ. આનાથી જાન - માલનું નુકશાન ટાળી શકાય.’ સરકારે આ દિશામાં પણ વિચારવું જોઈએ. આમ તો અસરગ્રસ્ત લોકો સાથે બેસીને જ તેમના પુનઃવસન માટે શું થઈ શકે તેની વ્યવસ્થા વિચારીએ તો તે આગામી આફતોમાં લાભદાયી નીવડશે જ.

## શૌચાલય સાથે પાકા ઘરોય બનાવ્યા હોત તો...



દરેક પરિવારના ઘર સાથે શૌચાલય બને તે વાતને વધાવીએ પણ પાકા શૌચાલયની સાથે એ પરિવારનું પાકુ ઘર બને એય જરૂરી તો ખરુ ને?

નાળોદરમાં ગાર માટીમાંથી ચણેલા ઘણા ઘરો પડી ગયા પણ અહીંયા જેનો ફોટો મુક્યો છે તે જમીનદોસ્ત થયેલા ત્રણ ઘર અને સાથે શૌચાલય ઘણું કહી જાય છે. નાળોદર ગામની મુલાકાત વખતે ત્યાંની સ્થિતિ સંદર્ભેના ફોટો પાડી રહ્યા હતા તે વેળા અમારી પાછળ ચાલતા એક યુવાને કહ્યું, ‘ટીટી(શૌચાલય) ભેગા પાકા ઘરો ચણી દીધા હોત તો કદાચ અમારા ઘરો આમ સાવ ધૂળ ભેગા ના થ્યા હોત...’ યુવાનની વાત તો સો ટકા સાચી...

સરકારે નાળોદર ગામના નવીનીકરણનો પ્રકલ્પ કર્યો છે એમાં હવે આવી ખામીઓ ના રહે તે જોવું રહ્યું..

### શહેરમાંથી સુખી જીવવા ગોમડે આઇન્....

ચંપાબહેન પટણી મૂળ પટણી ઓઢાના. વર્ષો પહેલાં ધંધા અર્થે તેમણે ગામ છોડ્યું. અમદાવાદમાં શાકભાજીની લારી કરી. ઠીક ઠીક જીવન ચાલતું ત્યાં પતિનું મૃત્યુ થયું. અમદાવાદમાં એકલું લાગ્યું. ઉંમરલાયક દીકરો ખરો પણ એનું મગજ બહુ ચાલે નહીં. શું કરવાના મૂંઝારાનો જવાબ પોતાના ગામ પાછા જવાનો મળ્યો. ગામમાં બાપ દાદાની બે - ત્રણ વિઘા જેટલી જમીન હતી, એકાદ બે ભેંસો લઈશું તે નભી જવાશે એમ ધારીને બે વર્ષ પહેલાં અમદાવાદથી મા- દીકરો ગામમાં રહેવા આવ્યા. માંડ માંડ ઘર અને ખેતી થાળે પડ્યા ત્યાં પુરે દશા બગાડી દીધી. બચત ભેગી કરીને બનાવેલું ઘરેય તુટ્યું ને ભેંસો પણ ગઈ. ‘શહેરમોથી સુખી જીવવા ગોમડે આઈ ન્....’ ચંપાબહેન પટણીએ દુઃખી મને વાત કરી...



## રાહતનો સામાન મેળવવા સુવાવડી ખાટલો મુકીને દોડી...



નાળોદરગામના વંચિતોના ઘરોમાં ફરી રહ્યા હતા ત્યાં અચાનક બે ગાડીઓ ગામમાં આવી અને આખી વસાહતના લોકોએ એ તરફ દોડ મુકી.

ખાલી વસાહતમાં નાના બાળકનો રડવાનો સતત અવાજ આવ્યો. અવાજની દિશામાં ગઈ. નાની બહેન નવજાત શીશુને ઝૂલાવી રહી હતી. વાત કરતા ખ્યાલ આવ્યો કે, પુરના પાણી ગામમાં હતા તે ટાણે જ ઘોડિયામાં સુતેલી આ દીકરીનો જન્મ થયેલો. એ આઠ દિવસની થઈ હતી. ભુખ લાગી હશે એટલે રડતી હશે. આમ તો એની મા એની પાસે જ હોવી જોઈએ. પણ એ નહોતી.

સુવાવડી આમ ઝટ ખાટલો ના છોડે. સવા મહિના લગી સ્થાયી રહેનારા ખાટલો પાળે જ.ત્યારે આની મા ક્યાં ગઈ? ત્યાં હિંચકો નાખતી પાયલે કહ્યું, ‘ગોમમાં ગાડી આઈ તે મમ્મી ખાવાનું લેવા ગઈ’

ખાટલાની ઈંસ સાથે બાંધેલા કપડાંમાંથી બનાવેલા ઘોડિયામાં સુતેલી દીકરી સતત રડ્યા કરે. જીવ બળ્યો. મે કહ્યું, ‘જા તારી માને બોલાવી લાવ.’ પણ ત્યાં મારી સાથે ઊભેલા ઈહરાભાઈએ કહ્યું, ‘બેન સુવાવડીનેય ખાવા તો જોવન...’ કશું બોલવાનું જ નહોતું.

વસાહતમાંથી નીકળી અમે ગામના પાધરે થતા વિતરણ તરફ ગયા. લોકો જે મળે તે લેવા રીતસર પડા પડી કરી રહ્યા હતા.

પેલી દીકરીની મા મળી એણે કહ્યું, ‘ખઈશ નઈ તો ધવરાઈશ ચમના? અન મારી હાલત તો જુઓ ચેવા પડ્યા સીએ.’

## જે જોયું તે...

લોકો કહે છે કે, ખુબ આવ્યું. લોકોને ખુબ મળ્યું. હવે જરૂર નથી. પણ મારા મતે આ લોકોને આગળના બે-ચાર મહિના ક્યાંય કામ મળવાનું નથી. સરકાર મનરેગામાં કામ આપવાની કોશીશ કરશે. ગામના વંચિતોની જ આ વાત નથી. સૌની વાત છે. ખેતરો ધોવાયા છે. ખેતી થશે નહીં અને અહીંયા બીજી કોઈ મજુરીએ ક્યાં છે. બધુ રાબેતા મુજબ તો ખેતી શરૂ થાય ત્યારે થશે. પણ એ હાલના સંજોગોમાં અસરગ્રસ્ત ગામોમાં થવાનું નથી. પાછુ પડ્યા પર પાટુ જેવું, ઘર ભાંગી ગ્યા છે, ક્યાંક તો ઘરનું અસ્તિત્વ જ નથી રહ્યું. બધુ ફેર બેઠું કરવાનું છે અને એ માટે ખૂબ મહેનત કરવાની છે.

આવામાં રાશનમાં પાંચ કી.ગ્રા ઘઉં કે થોડા ચોખા આપી દેવાથી લોકોને ખુબ મળી ગયું છે હવે ના આપો કહેવાની જગ્યાએ, કોઈ જ શંકા વગર આપો એવું ચોક્કસ પણે કહીશું. અમારુ ચાલે અને પૈસા હોય તો છ મહિના ચાલે એટલું ભરી આપીએ આ બધાને... ક્યારેક થાય કે આફત આ લોકોને માંગણ બનાવી ગઈ... જો કે બધાય માંગી શકે તેવું નથી કેટલાકના ઘરમાં ખાલી ખાવા બની રહ્યું છે એવું આશ્વાસન છોકરાંઓને મળે એ માટે હાંડીમાં પાણી ઉકળી રહ્યાનું અમે જોયું છે... જીવ બળી જાય આ બધુ જોઈને...પણ કુદરત આગળ આપણે સૌ લાચાર એણે જ આ સ્થિતિ નિર્માણ કરી. ને તેનાથીએ વધુ લાચારી ટ્રકમાં સામાન લઈને આવનાર જ્યારે મોકળા મને આપે નહીં ત્યારે અનુભવાય...

## ‘મોંગીને ખાનારા બાપડા ન તમે મદદ કરજો હો ન’



ભરથરી પરિવારોના ઘરોની દુર્દશા

‘બેન આવું પોણી કોય દાડો નહીં જોયું. એવી રીતે આયું ક અમે અમારી જાત બચાઈન નાઠા. સોમોન બોમન બચાબ્બાનું ઘણુંય મન હોય પણ ઈન બચાબ્બા રયા હોત તો અમે ના રયા હોત. છોકરાં છૈયા બધાન લઈન બસ ઓયથી દોડ્યા. ધાબાવાળા ધાબા માથે ચડી ગ્યા પણ અમારી કન ચો ધાબુ અતું અમે તો ગોમના મંદિરમાં જઈન બેઠા.’ પુરની સ્થિતિમાં લોકો અત્યંત દયનીય સ્થિતિમાં મુકાયા. ધાનેરામાં પાણીએ ઘણું નુકશાન પહોંચાડ્યું હતું. લોકોના ઘરોમાં કાદવ, કીચડ ભરાયો હતો. પુરના પાણી ઓસરે પાંચેક દિવસ પછી જવાનું થયું હતું. આખુ ધાનેરા ગંધ મારતું હતું. રોગચાળો ફાટી ના નીકળે તે માટે આખુ વહીવટીતંત્ર જડબેસલાક લાગ્યું હતું. જુદા જુદા શહેરોની નગરપાલિકાએ પોતાના વાહનો અને માણસોને સફાઈ માટે મોકલી આપ્યા હતા. આરોગ્ય મંત્રી પોતે બનાસકાંઠાના એટલે આરોગ્યલક્ષી ટીમ પણ ઠેર ઠેર જોવા મળે. જો કે મંત્રી શ્રી અહીંયાના ના હોત તો પણ આવી જ કાળજી દરેક વિસ્તારની આવી આફતોમાં





અમારી ૭૧ પેઢીમાં અમે, પહેલાં કે જેમણે મહેનતથી જેવા આવડે એવા પાકા ઘર બનાવ્યા હતા પણ પાણીએ એની કેવી દશા કરી.. અમે આવા ઘર ફરી નઈ કરી શકીએ ની વાત વિચરતી જાતિના પરિવારોએ કરી...

લેવાતી જ હોય છે જે ખાસ નોંધવું જોઈએ. પણ વહીવટીતંત્રની દિવસ રાતની કામગીરીના કારણે જ આજે ધાનેરામાં આવી કોઈ હોનારત સર્જાઈ હશે તેવું પ્રથમ નજરે જોઈને દેખાય નહીં તેવી સરસ સફાઈ થઈ ગઈ છે. જિલ્લા કક્ષાનો ૧૫ ઓગષ્ટની ઊજવણીનો કાર્યક્રમ પણ ધાનેરા ખાતે થયો. હા બાહ્ય દેખાવે બધુ સ્વચ્છ દેખાઈ રહ્યું છે પણ લોકોને જે નુકશાન થયું છે તેનો તો કોઈ હિસાબ જડે એમ નથી.

પુરઅસરગ્રસ્ત દરેક પરિવાર આપણો જ પરિવાર હોય તેમ ગુજરાતના ખુણે ખુણેથી લોકો મદદ લઈને આવી રહ્યા છે. કોઈ રૂપિયા સોની કીટ બનાવીને તો કોઈ પાંચસો અને આપણા જેવા થોડું લાંબુ વિચારી બે હજારની કીટ લઈને તકલીફનો ભોગ બનેલા આપણા પરિવારો સુધી પહોંચી રહ્યા છે. આફત ને અવસરમાં પલોટીએ વાળી વાત હવે પછી શરૂ થાય. આમ તો ભાઈચોરો રાખી સૌ એકબીજાને મદદરૂપ થાય, સૌના દુઃખે દુખી અને સુખે સુખી વાળી ભાવના પ્રજવલિત થાય તો આ વિસ્તારની કાયાપલટ ઝડપથી થાય અને તે થાય તો જ આફત અવસરમાં પરિણમે નહીં તો ખાલી વાતો જ રહી જાય....

આવી આફતની ઘડીમાં માણસ માનસીક સંતુલન ખોઈ નાખે તેવું પણ થાય.આવામાં જેનું સર્વસ્વ જતું રહ્યું હોય તેવો વ્યક્તિ સ્વચ્છતા જાળવી વાત કરી શકે તો તે વ્યક્તિની તે સૌથી મોટી ઉપલબ્ધિ. ને તેમાંય ‘મારે મદદની જરૂર નથી તમે બીજા જરૂરિયાતવાળાને મદદ કરો’ એવું કહેનાર તો ઋષી કક્ષાનું કહેવાય. ધાનેરા શહેરની અંદરથી પસાર થઈ રહ્યા હતા. કુદરતનું કારમુ સ્વરૂપ નજરે દેખાતું હતું. કાદવ, કીચડની સાથે સાથે ઢગલાબંધ કપડાં, ગોદડાં, વાસણો, કરિયાણું, ધાનના કોથળા વગેરે ગમે ત્યાં પડેલા નજરે ચડતા હતા અને માથુ ફાટી જાય તેવી દુર્ગંધ પણ ચોમેરથી આવતી હતી. આફતની આ ઘડીમાં નાત જાત જોવાની ના હોય સૌની સ્થિતિ દયનીય જ હતી. પણ વિચરતી જાતિ ગામના છેવાડે રહે તેની દશા શું હશે તે જોવું તેમની સાથે વર્ષોથી કામ કરતા હોવાના કારણે અમારુ કર્તવ્ય. સાથે અન્યોનું પણ જોવાનું જ હોય એમાં કોઈ

મીનમેખ નહીં. ધાનેરા ગામમાંથી ગાડી જઈ રહી હતી. એક જગ્યાએ ટ્રેક્ટરમાં કચરો ભરાઈ રહ્યો હતો એટલે ગાડીને ઊભી રાખવી પડી. ગાડી ઊભી રહી તેની સામે એક ઘર હતું અને એ ઘરનો આખો પરિવાર પોતાના ઘરની સફાઈમાં લાગ્યો હતો. આર્થિક રીતે આ પરિવાર પણ કાંઈ એવો સુખી સંપન્ન નહોતો જણાતો અને ખુબ નુકશાન ગયાનું તો ઘરના ચિતાર પરથી અને એ ભાઈના ચહેરા પરથી દેખાઈ આવતું હતું. અમે ગાડીનો ગ્લાસ ઉતાર્યો અને પુછ્યું, ‘કેટલું નુકશાન થયું? પાણી કેટલે સુધી આવ્યું હતું.’ એ ભાઈ ઊભા થઈને પાસે આવ્યા ને કહ્યું, ‘માથોડા ઉપર પોણી હતું. અમે તો ધાબે ચડી ગ્યાતા નકર ના બચત. અન નુકશાની તો ખુબ થઈ. બધો સોમોન ખરાબ થઈ ગ્યો. ઓમ તો એકડ એકથી જ ગણતરી કરવાની હ. ’ એમના ઘરમાં નજર કરી તો આખુ ઘર દોઢ - બે ફુટ કાદવથી ભર્યું હતું. કોણ જાણે કેટલા દિવસ આ કાદવ કાઢીને ઘરને ઠીક કરતા લાગવાના હતા. એમણે કુતુહલવશ પુછ્યું,

‘આ બાજુ કુના ઘેર?’

‘ભરથરીના ઘરે જઈએ છીએ.’

‘પૌઆ(સ્થાનિક લોકો ભરથરીને પૌઆ તરીકે ઓળખે છે, પૌઆ એટલે માંગણીયાર જાતી) ઓના ઘેર? એ બચારાઓન તો ખુબ નુકશોની થઈ હ. કોય બાચી નહીં રહ્યું. ઘરોએ તુટી ગ્યા સે. મોંગીને ખાનારા બાપડા ન તમે મદદ કરજો હો ન.’ અમે હા પાડી. રોડની વચ્ચે ઊભેલું ટ્રેક્ટર હટ્યું અને અમે ભરથરીની વસાહત તરફ આગળ વધ્યા. પણ આ ભાઈનું છેલ્લું વાક્ય ‘બાપડા ન મદદ કરજો’ મનમાં ઘુમરાવા માંડ્યું. આમ તો આવી હોનારતની ઘડીમાં લોકો લૂંટફાટ મચાવતા હોય. ત્યારે આ ભાઈએ ચાહ્યું હોત તો પોતાના દુઃખની કહાની કહી શક્યા હોત. જે આવી દરેક આફત વખતે બહારથી આવનાર પાસેથી કાંઈક મદદ મળશે તેવા આશયે અનાયાસે જ કહેવાઈ જાય. આમાં જુહ્રાનો ભાવ હોવો પણ કદાચ તે વ્યક્તિના મનમાં ના હોય એમ મારુ માનવું છે. પણ આવા ઘણાય વ્યક્તિઓ આવી હોનારતમાં અમને મળ્યા. પોતાની તકલીફોને કોરાણે મુકીને બીજાની ચિંતા કરવાવાળા આવા જિંદાદીલ માણસોને પ્રણામ...



અમારૂ બધુ જ ગયું...



## આફતગ્રસ્તોમાં શ્રદ્ધાના બી રોપીએ...



સિંચાઈ માટે બોરવેલ કરવા મોટર અને પાઈપો લાવ્યા હતા, હજુ કાલ તો બોરનો હૉલ કરવા માટે રીંગ આવવાની હતી તે એની પહેલાં પાણી ફરી વળ્યું. બોરવેલ કરવા લાવેલી મોટર અને બીજા સામાનનો કોઈ અત્તો પત્તો નથી... ત્રણ દાડા ઝાડ પર બેસી રહ્યા, ઘર ગયા ને જમીન ધોવાઈ ગઈ...મહેમાન આવે તો ક્યાં બેસાડવા એની માથા કૂટ છે... રાવળ પરિવારો – ઊમરી

મહેનત કરીને ભેગું કરેલું અચાનક આમ કોઈ જ એંધાણ આપ્યા વગર જતું રહે તો શું થાય? ઉમરીગામના કનુભાઈ કહે એમ માણસ ગાંડા જેવો થઈ જાય. સમજાય જ નહીં કે શું કરવું? બનાસનદી બે કાંઠે વહેતી ભાગ્યેજ જોવા મળે. જો કે બનાસ વહે છે જ સુકા પ્રદેશમાંથી એટલે પાણી ક્યાંથી આવવાનું? એમાંય બનાસ પર ડેમ બંધાયા પછી તો ચોમાસામાંય બનાસ સુકી ભઠ્ઠ લાગે. એટલે જ સ્થાનિક લોકો કહે એમ, બે કાંઠે વહેતી બનાસને જોવી એ લાહવો છે. પણ આ ફેરા બનાસમાં ખુબ પાણી આવ્યું. બનાસમાં પાણીનો આવરો વધી રહ્યો હતો. જાણે કુદરતે બનાસકાંઠાને આ વખતે સુકો ભઠ્ઠ નહીં રાખવાનું નક્કી કર્યું હોય એમ બારેમેઘ રાજસ્થાનની સાથે સાથે બનાસકાંઠામાંય ખાંગા થઈ ગ્યા. બનાસની ક્ષમતા કરતાય વધુ પાણી આવ્યું ને બનાસ બે કાંઠે વહેવા માંડી. શરૂ શરૂમાં તો લોકો જોવા નીકળ્યા પણ પછી ઝટ સમજાઈ ગયું કે કાંઈક અજુગતું થવાનું છે. એટલામાં સરકારે હાઈ એલર્ટ જાહેર કર્યું અને ઊંચાણવાળા ભાગમાં જતા રહેવાનું કહ્યું. ત્યારે સમજાયું કે પાણીનું તાંડવ થોડી જ વારમાં શરૂ થવાનું.

ઉમરીગામમાં બનાસના કાંઠે ૩૫ દેવીપૂજક અને રાવળ પરિવારોની ૭૦ વિઘા કરતાંય વધારે જમીન આવેલી. આમ તો પોતાની માલીકીની જમીન વિચરતી જાતિઓમાંના ખુબ ઓછા પાસે હોય. એટલે એ રીતે આ ૩૫ પરિવારો થોડા નસીબદાર કહી શકાય. એમણે ખેતરમાં જ પોતાના ઘરો બાંધી દીધા હતા અને ત્યાં જ રહીને તેઓ ખેતી અને પશુપાલન કરતા. પાણી આવવાના સમાચાર એમને મળ્યા અને ઘર ખાલી કરવાનું પણ સૌએ કહ્યું. સરસામાન બધુ જ આમ મુકીને ગામમાં આવવાનું તુરત મનમાં ના જ બેસે એ સ્વાભાવિક હતું પણ અચાનક નદીના સ્વરૂપમાં આવેલો બદલાવ તેઓ જોઈ રહ્યા હતા. 'સોમોન એમે લેતા આવશું તમે ગોમમાં પુગોની' વાત પરિવારના વડીલોએ કરી અને બહેનો અને બાળકો પ્રથમ નીકળ્યા. હાથમાં લઈ શકાય એટલો સામાન લઈને નીકળ્યા. પાછળ બીજા સામાનમાં શું લેવું તેની વેતરણ ચાલી રહી ત્યાં પાણી ઘરની બહાર અને જોત જોતામાં ઘરની અંદર આવી ગયું. હવે તો જીવ બચાવીને ભાગવાનું જ હતું. કુદરતના ભરોષે ઘર ભળાઈને વડીલો ગામ ભણી નીકળ્યા. પણ ત્રણેક જણા જબરા ફસાયા. ઘરને તાળુ મારવા રોકાયા એમાં પાણી તો માથોડા સુધી પહોંચ્યુ. હવે તો બસ જાત સંભાળીને નીકળી જવાનું હતું. પણ ત્રણે વ્યક્તિઓ પોતાની આખી જીંદગીની જમા પુંજી પાણીમાં વહી ના જાય એટલે ઘરમાં ભલે પાણી ભરાઈ જાય પણ તણાઈને કશું બહાર જતું ના રહે તેવા શુભ આશય સાથે તાળા મારવા રોકાયાને તેમને પાણીએ ઘેરી લીધા. હવે તો ગામ ભણી જવાય તેમ નહોતું. પાસે એક લીમડો દેખાયો અને ત્રણે જણા લીમડા માથે ચડી ગ્યા. એમના કહેવા પ્રમાણે, 'પોણીનો આવરો વધી રયો તો. અમે જેટલા જવાય એટલા ઊંચા ચડે જતા હતા. પાસો માથે વરસાદય વરહતો તો. બે રાત અન તૈઈણ દાડા ઓમ ઝાડ માથે બેઠા રયા. બનાસમોં કદાવર ઝાડ તણઈન આવતા નજરે જોયા. અમે જે લીમડા ઉપર બેઠા હતા એ રેશે કે નહીં ઈનીયે શંકા હતી. મનમાં હે ભગવોન તુ કરે એ ખરુનુ રટણ ચાલુ હતું. અમારા ઘરોની છત થોડો ટેમ દેખાઈ પસી તો એય પોણીમાં. કોયન ખબર જ ના પડ ક ઓય ઘર હ'

ગામમાં પહોંચેલા બધા જ પાછળ રહી ગયેલા ત્રણેયની ચિંતા કરે. ગામમાં પણ પાણી ભરાવવા માંડ્યા હતા. પણ ગામ થોડું ઊંચાણ પર એટલે માથોડું પાણી આવ્યું એનાથી વધારે નહીં. લોકો પાણીમાં હરી ફરી શકતા. રહી ગયેલા રમેશભાઈ, ખેમાભાઈ અને ચમનભાઈની ચિંતા કરીને ગામાલોકોએ તેમના ખેતર તરફ જવા વિચાર્યું પણ એ તરફ નીકળીને માંડ થોડુ ચાલ્યા ત્યાં જ ખ્યાલ આવ્યો કે, ત્યાં તો પાણી એક બે નહીં પણ કદાચ ચાર કે પાંચ માથોડા ઉપરથી જાય છે. શું કરવું? ત્રણે તણાઈ ગયા હશે? વગેરે જેવા ખરાબ વિચારો આવી રહ્યા હતા. આખરે મનમાં કાંઈ સ્ફર્યું. કુનભાઈ રાવળ કહે છે કે, 'જી.ઈ.બી.ની હેવી લાઈન અમારા ગોમમોંથી જાય હ. આ લાઈનમાં પૂરના લીધે કરંટ બંધ કર્યોતો. અન પાસો થોભલા હુધી જવાય એવુંયે હતું. તોકણ બહુ પોણી નતુ. એટલ અમે ગોમના બીજા બે- ચાર જુવોનિયા થોભલા ઉપર ચડ્યા. પોત્રીસ પરિવારો જો રેતા તા ઈમના ઘર બર કોય દેખાતુ નતું. દરિયાની માફક પોણી પડ્યું તું. અમે પેલાં ગભરાઈ જ્યા. તૈઈણ જણાં તણઈ જ  જ્યાં હશે એવું અમે મોની જ લીધું. પણ પસી એક લેમડો જોયો અન ઈની ઉપર હલનચલન ભાળી. થોડું ધોનથી જોયું તો ખબર પડી ક એ તૈઈણ તો કણ બેઠાતા. અમારો જીવ થોડો હેઠો બેઠો. પણ વરસાદ સતત ચાલુ અને પોણીનો આવરોય ચાલુ. આખો લેબડો હલ. જો લેબડો પડ તો પસી બચવું અઘરુ. પાસુ ઈમન અમે ના દેખઈએ નકર કોક



હૈયાધારણાય આલીએ. અમે સરકારમાં જોણ કરી. ઈમને હેલીકોપ્ટર મેલ્યા પણ ઈમન પોણીમાંથી કાઢવા જ અઘરા હતા.ભગવોનના પ્રાર્થના કર્યા વના બીજો કોઈ રસ્તો અમારી કન નતો. અન અમારી પ્રાર્થના ભગવોને હોભળી એટલ જ આ તૈઈણે જીવતા પાસા આયા નકર ભલભલા મોણહ ઓમાં ભાગી પડ.'

આખો પ્રસંગ સાંભળ્યો ત્યારે ઘડીક હૃદય થડકારો ચુકી ગ્યા જેવું લાગ્યું ખરે જ લીમડો તુડી ગ્યો હોત તો? પણ અમરાભાઈ, શાંતીબહેન વગેરે સૌને ઈશ્વર પ્રત્યે જબરી આસ્થા છે.હાલમાં ઉમરીગામમાં આ ૩૫ પરિવારો પ્લાસ્ટીકના મીણિયામાંથી તંબુ બનાવીને તેમાં રહી રહ્યા છે. અમે પુછ્યું ઘર અને સામાનનું શું થયું સબ સલામત ને? શાંતાબહેને ઊંડો નિશાશો નાખતા કહ્યું 'ઓય અમારુ ઘર હતું એવું થઈ જ્યું હ. પોણીએ કોઈ જ એંધોણીએ નહીં રાખી. ઘરની જ ચો વાત કરો હો. અમારા શેતરય(ખેતર) ચો જ્યાં ઈનીયે આજ તો ખબર નહીં પડતી. નદીએ ઈની ભેગા શેતરોન ભેળવી દીધા.' બે- અઢી માથોડા જમીન ધોવાઈ ગઈ અને નદીના પટ સાથે આ જમીન ભેગી થઈ ગઈ. હવે આ જમીન કોઈ કાળે આ પરિવારો સરખી કરીને ખેતીલાયક બનાવી શકે તેવી કોઈ જ શક્યતા જણાતી નથી. શાંતીબહેને ફરી કહ્યું, 'જમીન હતી તે બે પોંદડે થ્યા તા. શેતીમાં પોણીની તકલીફ પડતી તી. કોકના બોરનું પોણી લઈન ખેતી કરવામાં ઘણી ફેરા પોણી વખતે ના મળતું એટલે અમે અમારી બચત અને કેટલાક પાહેણથી ઊછીના પાછીના કરીને બોર બનાવવાનું નક્કી કર્યું અને બોર બનાબ્બા પાઈપો, મોટર બધુય વેચાતું લાઈન મુચ્યું તું. બીજા દાડઅ રીંગ આબ્બાનીતી. બોર કરવા. પણ ઈની પેલા જ ભગવોને જુદુ કરી દીધું.પાઈપો ન મોટર બધુયે તણઈ જ્યું.'

મધ્યમ વર્ગી આ કુટુંબોની દશા કુદરતે શું કરી દીધી. હાથે પગે આવી ગ્યાનું કહી શકાય. શું મદદ કરી શકાય તેવું પુછ્યું તો ચમનભાઈએ કહ્યું, 'મારા ઘેર આયેલા મેમોન પરોણાન ખાધા વના કોય દાડો મે જવા નહીં દીધા . મેમોન જ હું કોમ મોગણ આયું હોય તોય જે મલ એ આલવાનું. પણ હવ કોય બચ્યું નહીં. ભગવોનની હોમે કોય ફરિયાદ નહીં, ઈન ગમ્યું એ ઈને કીધુ. પણ હાલ મેમોન આવ તો બેહાડું ચો ઈનું મોટું દુઃખ. કોય દાડો ઓમ છાપરાંમાં રાત નહીં કાઢી ન હવ ઓમ? બેન નેનું તો નેનું પણ ઘર કરી આલવામાં મદદ કરશો તો તમારો આભાર મોનીશ. માગવું ગમતું નહીં પણ... ' તેઓ આગળ કશું બોલી ના શક્યા. સમજી શકાય તેવી સ્થિતિ હતી. રાશનની જરૂરિયાત અંગે પુછ્યું તો તેમણે કહ્યું, 'છો મહિના ચાલ એટલું બધાના પ્રતાપે મલી જ્યુંહ. હવે વધારે નહીં જોતું.' આવી આપતિમાં ઈશ્વર પ્રત્યેની તેમની આસ્થા ગજબ છે. અને હવે નથી જોઈતું કહેવાની વાત પણ એટલી જ અદભૂત. આવા આ માણસોના છાપરાંમાંથી નીકળતા તેમને શું દિલાશો આપું તે સમજાયું નહીં, બસ એટલું જ કહી શકી કે, 'ઈશ્વર પર શ્રદ્ધા રાખજો એણે કાંઈક સારુ જ નક્કી કર્યું હશે. એ કારણ વગર આવું કોઈ દિવસ કરે જ નહીં. અને આનાથી સારુ થવાનું કુદરત ધારતી હશે એટલે જ કદાચ આવું થયું. હશે.' મારી આ વાતમાં તેમણે સહમતી આપી અને ઈશ્વરની આરાધનાની એંધાણીરૂપ દિવા બતી રોજ કરતા હોવાની જગ્યા બતાવી.

આમ તો આપતીમાં કે પોતાની સાથે કાંઈ પણ ખરાબ થાય તો આપણે સૌથી પહેલાં ભગવાન કે કુદરતને દોષ દઈએ. એમાંય વળી જો સવાર સાંજ ઈશ્વરની આરાધના કરનારના

ઉપર સંકટ આવે તો તો બિચારા ભગવાનનું આવી જ બને. 'મે દિવસ રાત જોયા વગર તારી ભક્તિ કરી. ક્યાંય પણ જવું કે કાંઈ પણ નવું કરુ તો પહેલાં તને આગળ કરુ ને તોય તે મારી સાથે આવું કર્યું? ભક્તોના ઘરે ઘાડ પડે અને તુ જોયા કરે. ઈશ્વરના ઘરે દેર છે પણ અંધેર નહીં આ વાત સાવ ખોટી છે. અંધેર જ છે. તે મારુ જરાય ધ્યાન ના રાખ્યું. મારો જુવાન જોધ દીકરો લઈ લીધો કે, મારો ધંધો બેસાડી દીધો....' વગેરે વગેરે કાંઈ કેટલાય કારણો ભગવાનને ભાંડવાના જડી જાય. કેટલાક આવી ઘટનાઓ બને ત્યારે ભગવાનના ફોટા જ ઉપાડીને ઘરની બહાર ફેંકી આવતા હોય અને હવેથી દિવા બતી પણ નહીં કરુની વાત કરી દે. પણ આવું કરવાથી બધુ ઠીક થવાનું? હું ઈશ્વરના સ્થૂળરૂપને નથી માનતી પણ કર્મના સિદ્ધાંતને માનું છું. મહાભારતની એક કથા સાચી છે કે દંતકથા એમાં ના ઉતરીએ પણ તેનો એક દાખલો કર્મના સિદ્ધાંતને સમજાવવા વારે વારે ઉપયોગમાં લેવાય છે. હું એની જ વાત અહીંયા કરીશ. ભીષ્મ પિતામહ. ગંગાપુત્ર અને નખશીખ પવિત્ર. એના હાથે ક્યારેય કોઈનુંયે ખોટુ નહીં થયેલું. આમ કર્મો બંધાવવાની વાત ભીષ્મ તરીકેના જન્મમાં થયેલી નહીં. વળી ઈચ્છા મૃત્યુનું વરદાન પણ મળેલું છતાં મહાભારતના યુદ્ધમાં અર્જુને એમના આખા શરીરને બાણથી વીંધી નાખ્યું અને તેઓ યુદ્ધ ચાલ્યું તેટલો સમય બાણસૈયા પર સુતા રહ્યા. કેટલી અસહ્ય યાતના તેમણે વેઠી. ઈચ્છા મૃત્યુ હતું છતાં તેઓ મૃત્યુ માંગી ના શક્યા. આમ થવાનું કારણ મહાભારતમાં જણાવ્યા પ્રમાણે ભીષ્મ પિતામહે પોતાના અગાઉના સોમાં જન્મમાં કોઈ એવું કાર્ય કર્યું હતું જેનાથી કોઈનું મન દુભાયું હતું. નવ્વાણું જન્મ સુધી તેમના પુણ્યો કે સતકર્મોના કારણે તેમનું સોમા જન્મે વખતે કરેલા કર્મનું ફળ પાક્યું નહીં. પણ સતકર્મો થકી ભરેલો ઘડો ખાલી થયો એટલે પેલું સો જન્મે કરેલું કર્મનું ફળ સામે આવીને ઊભું અને તેમને બાણસૈયા પર સુવાનું થયું. અહીયા પુરમાં જેઓને નુકશાન થયું છે તેમના કર્મોનું ફળ તેમને મળ્યું છે તેવું કહેવાનો મારો કોઈ આશય નથી. ના એવા કોઈ તારણ પર હું આવી શકુ. પણ મૂળ વાત છે, માણસે જીવતા જ એવા સુંદર કાર્યો કરવા કે જે તેના જીવતા અને મર્યા પછી પણ સૌ માટે ઉદાહરણરૂપ બને. અને હા સતકર્મો કરનારનું કુદરત નોખી રીતે ધ્યાન રાખે છે એ વાત તો દઢપણે માનીએ.

બનાસકાંઠાના પુરઅસરગ્રસ્ત માણસો પાસે જાવ તેમને સાંભળો તો ઈશ્વરને દોષ દેનાર ભાગ્યેજ મળશે. ઈશ્વર પ્રત્યેની નિષ્ઠા જુદા પ્રકારે તેમને જીવાડનારી દેખાઈ રહી છે. આપણે ઈશ્વરમાં ભલે માનીએ કે ના માનીએ. હું અહીંયા પથ્થરને પુજવાની કે પથ્થરમાં કુદરતને શોધવાની વાત નથી કરતી ના તે વાતનું સમર્થન કરતી. પણ એક પરમ તત્ત્વની વાત છે જે આવી આફતોમાંથી લોકોને ઉગારે છે અને બેઠા કરવા તેમનામાં હામ ભરે છે. આ શ્રદ્ધાના બી કોઈનામાં ડગી ગ્યા હોય તો તેને ફરી રોપવાનું પણ આવા સંજોગોમાં થવું જરૂરી છે. આ એક અદશ્ય અવલંબન છે. જે માણસને જીવાડે છે..

અને એટલે જ માણસોએ પુરથી ઘરોમાં ભરાયેલા કાદવ કીચડને પહેલાં સાફ કરવાની જગ્યાએ વસાહતોમાં આવેલા મંદિરો પ્રથમ સાફ કર્યા. ઉપરવાળો બેઠો છે એ બધુ ઠીક કરશે એ શ્રદ્ધાના બીજ જ્યાં સુધી તેમનામાં રોપાયેલા છે ત્યાં સુધી ફરી બેઠા થવાની હામ તેમનામાં ડગવાની નથી એ તો નક્કી....



# ભગવાનને બધુ સરખુ કરવા કેશું...

ભજનીક અને એય પાછો સતાર વગાડનાર બહેન હોય તો મજા જ પડે નકારાત્મક વાતાવરણમાં ભજનરૂપી હકારાત્મકતા પ્રસારે માટે ભજન સંભળાવોની વાત કરી અને આફતગ્રસ્ત શારદાબહેને બધુ જ ભુલીને નિમિત્ત બનનાર અમારા માટે ભજન ગાયું.

આછુવા ગામના મનના પવિત્ર બજાણિયા પરિવારોએ તમે આવશો એવી અમને ખાત્રી હતી એમ કહ્યું ને અમે રાજી થયા. વી.એસ.એસ.એમ. સાથે સંકળાયેલા આપ સૌ સ્વજનો સાથે નાઆવ્યા હોત તો આ ભરોષો કાયમ ના રહેત પણ તમે સાથે આવ્યા અને સાથે ચાલી પણ રહ્યા છો એટલે આ બધુ જ થઈ શક્યું. આપ પ્રત્યે કૃતજ્ઞતા.

રાત રોકાઈ જાવ બેન આખી રાત ભજન ગઈશું અન ભગવોન ન બધુ હરખુ કરવા કેશું ભગવોન જ બધા હારાવોના કરવા કેશું. એ જ બધા હરાવોના કરશે. શારદાબહેન અને આખી વસાહતના અન્યોનો ઈશ્વર પ્રત્યેનો ભરોષો ગજબ, ભલભલાની હિંમત તુટી જાય એવી આ ઘડીમાં શ્રદ્ધાં જ સૌને જીવાડે છે... એ ફરી સાર્થક થયાનું લાગ્યું.



શારદાબહેન ભજનીક.. હે ઈશ્વર તુ કરે એ ખરુ...

# પૂરનાં કારણો અને એના ઉપાયો



ઘરના નામે ખાલી બારણાં જ રહ્યા બાકી બધુ પાણી પોતાની સાથે લઈ ગયું

**કારણો:**

ઉત્તર ગુજરાત અને દક્ષિણ રાજસ્થાન સૂકા પ્રદેશો છે. આ વિસ્તારમાં મોટાભાગે દર વર્ષે ૧૫ ઈંચ કરતાં ઓછો વરસાદ આવે. ડીસા પાસેથી મોટી નદી બનાસ પસાર થાય છે. આના પછી ૧૧૫ કિમી પછી હલીવાવ પાસે નદી છે એટલે કે લગભગ ૧૧૫ કિમીના વિસ્તારમાં એક પણ નદી નથી.

બનાસ નદી ઘણી મોટી દેખાય પણ એ છે કુંવારી. "કુંવારી" એટલા માટે કે એમાં જે પણ પાણી ચોમાસામાં આવે તે નદીની રેતીમાં જ સમાઈ જાય. દરિયા સુધી પહોંચે જ નહીં. બીજા શબ્દોમાં બનાસ નદી અરબી સમુદ્રને મળતી જ ન હતી.

**ક્લાઈમેટ ચેન્જ:**

વર્ષ ૨૦૧૫માં પ્રકૃતિએ અચાનક પોતાનું સ્વરૂપ બદલ્યું. જુલાઈ ૨૦૧૫માં અરવલ્લી પર્વતો પર ખૂબ જોરદાર વરસાદ પડ્યો.. ભયંકર પૂર આવ્યાં. અનેક ગામડાં ધોવાઈ ગયાં. ૧૦૦ ઉપર માણસો મરી ગયા. સંપૂર્ણપણે અણધારી રીતે સૂકાં પ્રદેશમાં પૂર આવ્યાં અને પારાવાર નુકશાન થયું.

ડોડ ગામ વગેરે જગ્યાએ લગભગ ૬ મહિના સુધી ૧૫ ફૂટ ઊંચા પાણી ભરાઈ રહ્યાં અને હજારો વૃક્ષો મરી ગયા. ખેતીવાડીને પારાવાર નુકશાન થયું.



મોટાભાગનો પ્રદેશ બે મહિનામાં સુકાઈ ગયો અને પછી પાણીની તંગી શરૂ થઈ. લોકોએ આ પૂરને અકસ્માત ગણી લીધો. પરંતુ ફરી જુલાઈ ૨૦૧૭માં વધારે ભયંકર પૂર આવ્યું. આ વખતે આબુ પર્વત પર બે દિવસમાં ૬૪ ઈંચ વરસાદ પડ્યો. એ જ રીતે બાકીની અરવલ્લી પર્વતમાળામાં ભારે વરસાદ પડ્યો. સમગ્ર બનાસકાંઠા, પાટણ અને દક્ષિણ રાજસ્થાનમાં ભયંકર પૂર આવ્યા. ૨૦૧૫ના પૂર કરતાં પણ આ વર્ષે ખૂબ વધારે નુકશાન થયું છે.

હવે આપણે સ્વીકારવું પડે કે આ પૂર — અકસ્માત નથી. પર્યાવરણમાં આવેલ ભયંકર ફેરફાર છે. ક્લાઈમેટ ચેન્જ માટે દુનિયાના નિષ્ણાતો ચર્ચાઓ કરી રહ્યાં છે. ઉત્તર ગુજરાત અને દક્ષિણ રાજસ્થાનમાં ક્લાઈમેટ ચેન્જના ભયંકર પરિણામો જોયાં છે. હવે નક્કર પગલાંનો સમય છે.

**ઉપાય:**

આગળ જોયા મુજબ ડીસાથી હલીવાવના ૧૧૫ કિમીના અંતરમાં એક પણ નદી નથી એટલે વરસાદી પાણીના નિકાલ માટે કોઈ વ્યવસ્થા નથી. એટલે જોરદાર વરસાદ વખતે દસ થી પંદર ફૂટ ઊંચી પાણીની દીવાલ એકાદ કિમી જેટલી પહોળી ધસી આવે છે. આ દિવાલના રસ્તામાં જે કોઈપણ આવે તેનો નાશ કરે છે.

બહુ સાદી વાત છે કે — બનાસ નદી અને હલીવાવ વચ્ચેના ૧૧૫ કિમીમાં બીજી દસ નહેરો બનાવવાની જરૂર છે. અરવલ્લીના પર્વતથી શરૂ થઈ અરબી મહાસાગર અથવા કચ્છના રણ સુધીની નહેરો — વરસાદી પાણીનો સરસ નિકાલ કરી શકે.

આ નહેરોની વ્યવસ્થા એવી હોવી જોઈએ કે અરવલ્લીના પર્વતોની નીચેના ગામમાં બધા તળાવો ભરી નાખે. પછી તળાવો ઉભરાઈને પાણી પાછાં નહેરમાં આગળનાં ગામોમાં જાય. ત્યાંના બધા તળાવો ભરી પછી વધેલું પાણી કચ્છના રણમાં જાય.

પાણીને સરળ રસ્તો મળે તો પછી ગામ/શહેરોમાં નુકશાન ઓછું કરશે.

**ખાસ નોંધ:**

રાજસ્થાન — ગુજરાતની સરહદો તો સરકારી વ્યવસ્થા માટે છે. બાકી કુદરત આવી સરહદોની દરકાર નથી કરતી. આપણે બધાં ભારતીય છીએ. બંને રાજ્યોએ સાથે મળીને જનતાના લાભ માટે આ રસ્તો અમલમાં મુકવો જરૂરી છે.

**નોંધ:**

ગુજરાત અને રાજસ્થાન સરકારો પાસે બાહોશ એન્જીનીયરો છે. એમની પાસે ઘણી વધારે માહિતી હશે. હું એક સામાન્ય માણસ છું. મને ટેકનીકલ વિગતોની ખબર ન પડે. મારી સામાન્ય સમજ મુજબ જે વિચાર્યું તે લખ્યું છે.

જો આ વાતમાં વજૂદ લાગે તો નિષ્ણાતો આના પર વધારે તપાસ-વિચાર કરે તેવી પ્રાર્થના.

**- રશ્મીનભાઈ સંઘવી**
**ચાર્ટર્ડ એકાઉટન્ટ, મુંબઈ**

# ‘બસ ‘હતું’ થઇ ગ્યું’





પાણી દેખાયને ત્યાં મારુ ઘર અને ખેતર હતા – તારાબહેન હાથીભાઈ રાવળ

બેણાવાસમાં રહેતા તારાબહેન રાવળે પુરમાં સર્વસ્વ ગુમાવ્યું. અમારી સાથે વાત કરતા હતા તે દરમ્યાન નદીના પટ તરફ તેમના પાછલા ડગ મંડાયા, ને ગામના લાલાભાઈનું ધ્યાન તેમના તરફ ગયું એમણે તારાબહેનને રોક્યા.

‘પાછળ જોજો કાકી’. તારાબહેને પાછળ જોયું ને બોલ્યા,

‘આ પુર અમનય ભેગું લઈ જ્યું હોત તો હારુ જ હતું ન. આ દેખવાનું તો ના થાત.’

ગયા વર્ષે દીકરાને પરણાવેલો તે વહુના માવતરે કરાવેલા દાગીના અને થોડા તારાબહેનેય ચડાવેલા. આ બધા જ પાણી સાથે ગયા. પાછુ દીકરીનું મામેરુ ભરવાનું હતું તે, તીજોરી, પલંગ, પગની ઝાંઝરી, નાકની કાંટી, હાથની ચુડી એવું શક્તિ પ્રમાણે કરાયું તું. એય બધુ પુરનું પાણી પોતાની ભેગું લઈ ગ્યું. તારાબહેને, ‘આ પણે દેખાયને તો કણ મારુ ઘર, શેતર હતું બેન!’ એમ કરીને હાથ લાંબો કરીને હાલ નદીનો પટ થઈ ગયો છે એ જગ્યા બતાવી.

બસ ‘હતું’ થઈ ગ્યું.

બે પાંદડે સુખી તારાબહેન અને હાથીભાઈનું રાચરચીલું આજે ફોટોમાં દેખાય છે. એ વાદળી રંગના પ્લાસ્ટીકમાં સમાઈ ગયું.

ઘર તો વી.એસ.એસ.એમ. સાથે સંકળાયેલા સૌ સ્નેહીજનોની મદદથી બનાવીશું. પણ ફેર બેઠા થવું એય જરૂરી તો છે ને? ખેતી અને પશુપાલનનું કામ જ તેમણે કર્યું છે આથી પશુપાલન કરી શકે તે માટે ભેંસ ખરીદવા માટે વગર વ્યાજે લોન આપવાની આપણે વાત કરી. તો હાથીભાઈએ બે હાથ જોડીને એમના જ સ્વજન એવા કનુભાઈને લોન લેવાની ના પાડી. તેમણે કહ્યું,

‘અમે હાથે પગે આઈ જ્યાં લોન નઈ ભરી હકાય.’

આવા પરિવારજનોને બેઠા કરવાનું કામ  તો આપણા સૌનું. ભેંસ માટે પૈસા આપીશું અને એય પરત નહીં લેવાની શરતે જ... માણસ તરીકેનો ધર્મ આવા ટાણે તો ખાસ નિભાવવાનો હોય...



# પુર અસરગ્રસ્ત કોને ગણવા...



ગાડલિયા જ્યાં કામ કરતા તે જગ્યા પર પાણી ફરી વળ્યા

પુર અસરગ્રસ્ત કોને ગણવા તે પ્રશ્ન અત્યારે સૌને થાય ને તેમાંય ખાસ કરીને રાહતનો સામાન વહેંચવાવાળાને તો ખાસ. એમાં અમેય બાકાત ના રહ્યા. સેવાના કામોએ આમ તો જુદી જ દાર્શનીક શક્તિ આપી પણ આવા ટાણે એમાંય થાપ ખવાઈ ગઈ. આમ તો આવું ના જ થવું જોઈએ આવા ટાણે તો શ્રદ્ધા રાખવાની હોય પણ ખેર માણસ છીએ એટલે કદાચ થાપ ખવાઈ ગઈ.

થરાદમાં ગાડલિયા પરિવારોના ઘરો પાકા. પુર પછી એમણે અનાજ માંગ્યું પણ તેઓ પાકા ઘરમાં રહે અને દેખીતી રીતે પુરના અઠવાડિયા પછી તેમની વસાહતમાં પાણી નહોતું એટલે અમે અનાજ આપવાની ના પાડી. જરૂરિયાતવાળાને આપીશું. તમારાં ત્યાં પાણી નથી એટલે નહીં આપી શકાય એવું ચોખ્ખુ કહી જ દીધુ.

આપણા સૌ કાર્યકરો પર ગાડલિયા પરિવારોની અપાર મમતા એટલે ના પાડ્યા પછી તેઓ દલીલ પર ના ઊતરી આવ્યા. પણ વસાહતના આગેવાન રામાભાઈ ગાડલિયાનો ફોન આવ્યો, ‘બેન વોટ્સઅપ પર મેસેજ મુક્યો છે તમે જોયો?’

‘ના નથી જોયો કેમ કાંઈ છે? હમણાં જોઈ લઉ.’

અમણે હા પાડી. મે વોટ્સએપ જોયું. રામાભાઈએ એક વિડીયો મોકલાવ્યો હતો એ જોયો તો કશું જ કહ્યા વગર શા માટે આ પરિવારોને અનાજ આપવાનું તે સમજાઈ ગયું.

ગાડલિયા લોખંડમાંથી તવી તાવેતા અને ચીપિયા બનાવવાનું કામ કરે અને તે માટે થરાદની બજરમાં તેઓ કંતાનનું છાપરુ બનાવીને બેસે. આ બજારમાં સખત પાણી ભરાયેલા એટલે ત્યાં કામ કરી શકવાની શક્યતાઓ જ નહોતી. અઠવાડિયા પછીએ ત્યાંથી પાણી નીકળ્યા નહોતા વળી પાછુ બજાર રાબેતા મુજબ શરૂ થાય તો કામ મળે ને? એમની પાસે સામાન વગેરે બધુ જ હતું પણ જે જગ્યાએ બેસીને તેઓ ધંધો કરતાં ત્યાં બેસીને કામ કરી શકવાની શક્યતાઓ નહોતી. આમ ધંધો થયો જ નહીં એટલે ઘરમાં રાંધીને ખાઈ શકાય તેવું અનાજેય તેમની પાસે ના રહ્યું. આ બધા જ લોકો આમ તો રોજીંદા કામદાર જેવા. રોજ કમાય અને ખાય તેવી હાલતવાળા. ઘરમાં ધાન ખુટ્યું એટલે તેમણે અનાજની કીટ આપવા કહ્યું ને અમે તેમના પાકા ઘર જોઈને અનાજ માટે ના પાડી. પછી તો ખુબ જ દુઃખ થયું. શંકાઓથી ક્યારેય આ બધુ ના જોનારા અમે શંકાઓના ઘેરામાં આવી ગયા. પછી તો સૌની માફી માંગી અને અનાજેય આપ્યું.

અમે તો આ લોકોને ઓળખતા હતા છતાં થાપ ખાઈ ગયા પણ જેઓ આ વિસ્તાર અને આ વિસ્તારના લોકોને નહોતા ઓળખતા અને રાહત સામગ્રી આપવા આવતા હતા તેઓ તો ખુબ સરળતાથી શંકાઓના ઘેરામાં આવ્યા અને એવા કેટલાય દાખલા અમે સાંભળ્યા અને અનુભવો પણ થયા... ખેર કુદરત આવા સૌને જુદી અમી દ્દષ્ટિ આપે તેવી અભ્યર્થના.

## ઈશ્વરની હેમ નજર ભળે તેવી પ્રાર્થના...

તકલીફ દરવાજો ખખડાવીને નથી આવતી એ તો આમ અચાનક જ આવી જાય છે ને માણસને તકલીફોનો સામનો કરવાની તૈયારીનોય વખત નથી મળતો. આવી જ આફત બનાસકાંઠા અને પાટણમાં આવી. ને કરોડોનું આર્થિક ને જાન માલનું તો ગણી ના શકાય એટલું નુકશાન કરી ગઈ. આફતમાં આવી પડેલા સ્વજનોને ફેર બેઠા કરવા તે પહેલી ફરજ અને તે માટે જે થઈ શેકે તે કરવું એ નિર્ધાર કરી આપ સૌ સ્વજનોના સહયોગથી અમે સૌ પ્રયત્નો કરી રહ્યા છીએ. આપ્તજનો પર આવી પડેલી આફતમાંથી તેમને બેઠા કરવાનું ઘણી વાર કપરુ લાગે. બેન અહીંયા મારી ભેંસ દાટી ને મારી સામે જ મારા બકરાં ગયા ને ચાર દિવસ ભૂખ્યા છાપરાં માથે કે પછી મંદિરની છત માથે તો કેટલાક લીંબડા પર ઈશ્વર બચાવજેની આસ્થા સાથે બેસી રહ્યાની વાતો સાંભળીએ તો હૈયુ હચમચી જાય. કેટલીક વખત તો ખાલી સામે જોઈને જ ધ્રુસકે ધ્રુસકે રડી પડતા પ્રિયજનોને કેમ સધિયારો આપવો તે પણ ના સમજાય. સ્વચ્છતા જાળવવાનું કહેવું કેટલુ સહેલું લાગે પણ ખરે જ જેને સ્વચ્છતા જાળવવાનું કહીએ તેની મનોદશા સમજવી કપરી.

ઈશ્વરે આપેલું આપીને આપણે આપણા સ્વજનોને ઊભા કરવાની કોશીશ કરીશું.. ખબર નથી કેટલું કરી શકાશે ને કેટલુ થશે... પણ શ્રદ્ધા છે સારુ થશે... ઈશ્વરની દરેક ગતિવિધી પાછળ સારો જ આશય હશે એમ માનીને આ આફતને અસરગ્રસ્તોએ સ્વીકારી છે બસ હવે એ ઝટ બેઠા થાય તેવા પ્રયત્નો આપણે સૌ કરીએ ને ઈશ્વરની હેમ નજર એમાં ભળે એવી પ્રાર્થના કરીએ...



# પુરરાહત દરમિયાન મળેલ અનુદાનની વિગત

| Sr. No. | Donor Name | Amount |
|---|---|---|
| 1 | A. C. Kataria& Co. | 5000 |
| 2 | A. K. Alloys | 20000 |
| 3 | Aarti Foundation | 200000 |
| 4 | AbhayBhagat | 20000 |
| 5 | Act Of Kindness | 30000 |
| 6 | Addis Marketing | 44000 |
| 7 | Ahmedabad Sarvar Mandal | 30500 |
| 8 | Ajaybhai Gandhi | 1000 |
| 9 | Ajit Shah Associates | 2000 |
| 10 | Almitra H. Patel | 70000 |
| 11 | AlokHurra | 2000 |
| 12 | AlpabenAtulAmbavat | 25000 |
| 13 | Ambavat Jain & Associates LLP | 110000 |
| 14 | Aneri Desai Welfare Trust | 13000 |
| 15 | Angel Trust | 14000 |
| 16 | Anil Sadhwani | 1000 |
| 17 | Anuja Manoj Chadha | 2000 |
| 18 | Arun M. Bhuta | 50000 |
| 19 | ArunaArunBhuta | 50000 |
| 20 | B. D. Jokhakar Foundation | 10000 |
| 21 | Balvant D. Mehtalia | 50000 |
| 22 | BhadrabenSavai | 2000 |
| 23 | BhadrayubhaiVachhrajani | 10000 |
| 24 | BharatbhaiBabulal Desai | 2000 |
| 25 | Bharatbhai Desai | 6000 |
| 26 | Bhargava Charitable Trust | 100000 |
| 27 | BhavnabahenMukesh Trivedi | 2500 |
| 28 | BidareManjunath | 25001 |
| 29 | Biren Shah &DhruvinMashruwala | 200 |
| 30 | Birenbhai Ramjibhai Kaushal | 10000 |
| 31 | C. H. Pamnani& Co. | 2000 |
| 32 | CA Hitesh Gajaria | 300000 |
| 33 | CA Nayan C. Parikh | 11001 |
| 34 | CA Sujal Shah | 25000 |
| 35 | Chainikaben Shah | 4000 |
| 36 | Chimanlal Mehta | 25000 |
| 37 | ChintanSureshbhaiSanghvi | 2500 |
| 38 | Darshan Shah Associates | 10000 |
| 39 | DatshakGraminVikas Trust Patdi | 2000 |
| 40 | DayabenGirjashankerSheth Trust | 100000 |
| 41 | Deepak Doshi | 100000 |
| 42 | Dhara Developers | 5000 |
| 43 | Dharmen B. Shah | 50000 |
| 44 | Dinesh BalchandSunderjiDoshi Charitable Trust | 125000 |
| 45 | Dinkar Joshi | 11000 |
| 46 | Diptiben P. Radia | 2000 |
| 47 | DivyangRana | 500 |
| 48 | Dr.Chandravadan K. Vora | 21000 |
| 49 | Dr.KirtiSheth | 20000 |
| 50 | Dr.Pankajbhai Shah | 2000 |
| 51 | Dr.PradipSanghvi | 30000 |
| 52 | GirirajbhaiJadeja | 4000 |
| 53 | Harshil A. Shah | 5000 |
| 54 | HasmukhbhaiSoni | 2000 |
| 55 | HemangbhaiNavinchandra Parikh | 15500 |
| 56 | Hemangini Sanjay Bhatt | 25000 |
| 57 | HimanshuMelwani | 2000 |
| 58 | Hiteshbhai N. Mehta | 2000 |
| 59 | InderModi | 7500 |
| 60 | Ishwarbhai Patel | 2000 |
| 61 | JagdishUbhrani | 3500 |
| 62 | JagdishUbhrani HUF | 3500 |
| 63 | Jagrutbhai Shah | 1000 |
| 64 | Janak R. Dhimar | 2000 |
| 65 | Janak R. Dhimar HUF | 2000 |
| 66 | JashvantbhaiRaval | 2000 |
| 67 | JatinSoni | 2000 |
| 68 | Jayeshbhai A. Davda | 1000 |
| 69 | Jayeshbhai G. Patel | 10000 |
| 70 | Jedel Foundation | 70000 |
| 71 | JitendraM.Gupta | 70000 |
| 72 | K.C.Parikh and Associates | 2000 |
| 73 | K.K. Jhunjhunwala& Co. | 25000 |
| 74 | Kacheria Foundation | 15000 |
| 75 | KanuHarkisondasDoshi | 100000 |
| 76 | KapilSanghvi | 2000 |
| 77 | KartikbhaiShrimali | 2000 |
| 78 | Kiran Rajesh Desai | 5000 |
| 79 | KirtiBhuta | 6000 |
| 80 | KishoriUdeshi | 50000 |
| 81 | KokilabahenPradeepbhai Shah | 100000 |
| 82 | Krishna AnandprakashJaisinghania | 1000 |
| 83 | Kunal A. Shah | 50000 |
| 84 | LataKacholia | 500000 |
| 85 | Liza Creation | 2100 |
| 86 | LokumalKishinchand Charity Trust | 100000 |
| 87 | M/s Amoli Organics Pvt. Ltd. | 100000 |
| 88 | M/s Ashwin H. Shah & Co. | 2000 |
| 89 | M/s DhirajlalMorarjiAjmera Charity Trust | 100000 |
| 90 | M/s Gulabdas& Co. | 21000 |
| 91 | M/s M.M.International | 51000 |
| 92 | Madhuben V. Karia | 1000 |
| 93 | Mahendra V. Merchant | 100000 |
| 94 | Mala Kirtan | 5500 |
| 95 | MansiKataria | 2000 |
| 96 | Mardaviben Patel | 10000 |
| 97 | Mayankbhai J. Patel | 2000 |
| 98 | Mayur B. Nayak | 5000 |
| 99 | Meena H. Shah | 25000 |
| 100 | MeghaJaiswal | 1000 |
| 101 | MihirSheth | 10000 |
| 102 | Monali Jain | 20000 |
| 103 | Mukeshbhai Trivedi | 2500 |
| 104 | Mulchand M. Gupta | 30000 |

## પૂરરાહત દરમિયાન મળેલ અનુદાનની વિગત

| | | |
|---|---|---|
| 105 | MulchandUbhrani | 3500 |
| 106 | MulchandUbhrani HUF | 3500 |
| 107 | Nagjibhai Patel | 2000 |
| 108 | NareshAjwani | 50000 |
| 109 | Nareshbhai Shah | 51000 |
| 110 | Neetu Gupta | 1100 |
| 111 | NikunjRashminSanghvi | 38650 |
| 112 | Nipunbhai C. Jhaveri | 9100 |
| 113 | Niranjan Agrawal | 10000 |
| 114 | NirmalabenJhunjhunwala | 11000 |
| 115 | NishaUbhrani | 3500 |
| 116 | Nishthaben Desai | 6000 |
| 117 | Nitin K. Sonawala | 25000 |
| 118 | Nyalkaran Charitable Trust | 122000 |
| 119 | Optimum Stock Trading Company Pvt. Ltd. | 1000000 |
| 120 | Pallaviben J. Dhimar | 1000 |
| 121 | Paragbhai S. Radia | 2000 |
| 122 | Pareshbhai J. Vora | 20000 |
| 123 | ParizadSidhwa | 100000 |
| 124 | Parshwanath Dyestuff Ind. | 5000 |
| 125 | Percept Financial Consultants Pvt. Ltd. | 50000 |
| 126 | PerinbenRavji | 1000 |
| 127 | Pharmalab India Private Limited | 100000 |
| 128 | Pinakin D. Desai | 51000 |
| 129 | Pradeepbhai Shah | 100000 |
| 130 | PragneshbhaiBhalchandra Desai | 5000 |
| 131 | Prahir Foundation | 25000 |
| 132 | Prakash B. Sheth | 2000 |
| 133 | PranavbhaiRameshbhai Shah | 5000 |
| 134 | Prapti Acharya | 100000 |
| 135 | PravinVeera& Co. | 20000 |
| 136 | PritiBhelekar | 1000 |
| 137 | Priyam R. Shah and Associates | 2000 |
| 138 | Pushpa and KirtanlalDesasi Memorial Trust | 10000 |
| 139 | Raj Harendra Bhatt | 20000 |
| 140 | RajendrabhaiMehra | 5000 |
| 141 | Rajesh Kadakia | 14000 |
| 142 | Rajiv G. Shah | 5000 |
| 143 | RajkumarUbhrani | 3500 |
| 144 | RajnikantBhagat | 20000 |
| 145 | Ramesh P. Shah | 10000 |
| 146 | Rameshbhai A. Shah | 5000 |
| 147 | RamilabenSureshbhai Patel | 11000 |
| 148 | Ramjibhai N. Maru | 15000 |
| 149 | Rashmi Shah | 5000 |
| 150 | Rasila Parekh | 7000 |
| 151 | RavibhaiRamjibhaiJakasaniya | 200 |
| 152 | Riken Patel & Co. | 2000 |
| 153 | Rishabh Manoj Chadha | 2000 |
| 154 | Rohan Ramesh Merchant | 10000 |
| 155 | Rohitbhai Shah | 25000 |
| 156 | RutvikSanghvi | 5000 |
| 157 | S.C.K. Shah and Co. | 2000 |
| 158 | S.S. Raval | 6000 |
| 159 | SamirbhaiPadmakantDholakia | 15000 |
| 160 | Samyak Shah | 2000 |
| 161 | SandeepbhaiDushyantMankad | 16000 |
| 162 | Sanjay Chhel | 2000 |
| 163 | SanjaybhaiChandrakant Patel | 1000 |
| 164 | Sanjaybhai Joshi | 2000 |
| 165 | Sanjaybhai R. Vyas | 20000 |
| 166 | SarlabenBhagchandani | 2000 |
| 167 | Sashibala B. Chaturvedi | 5000 |
| 168 | ShaishaviKadakia | 6000 |
| 169 | Shankarbhai Bhatia | 4000 |
| 170 | ShantilalAmarchandJaveri Charitable Trust | 10000 |
| 171 | ShilpaThakar | 3000 |
| 172 | Shree KutchiVisha Oshwal Jain Mahajan Mumbai | 550000 |
| 173 | Shree Raj Foundation | 400000 |
| 174 | Shriromani Members | 5000 |
| 175 | Shroff Family Charitable Trust | 500000 |
| 176 | Sir VithaldasDamodarThackersey Charitable Trust No. 1 | 1111111 |
| 177 | Smita Pandya | 2500 |
| 178 | SonbaiRaviya | 8000 |
| 179 | Star Chemicals (Bombay) Pvt. Ltd. | 200000 |
| 180 | Surendra Kumar Sureka | 20000 |
| 181 | Surya Enterprise | 10000 |
| 182 | SwetaVikash Shah | 100000 |
| 183 | TarlabenBabubhai Shah | 2500 |
| 184 | Transpek Industry Limited | 500000 |
| 185 | Tumul Dhrupad Buch | 2000 |
| 186 | Tushar Shah | 10000 |
| 187 | U.V.Phani Kumar | 2000 |
| 188 | Ushaben B. Shah | 10000 |
| 189 | UshabenDineshchandraUpadhyay | 11000 |
| 190 | Vasuben P. Shah | 1000 |
| 191 | Vikram B. Shukla | 5000 |
| 192 | VinodbhaiNatwarlalChandesaria | 5000 |
| 193 | VishwaVatsalyaManavSewa Trust - Bagasara | 5000 |
| 194 | Vivekbhai Amin | 1500 |
| 195 | Well Wisher * | 111000 |
| 196 | Unknown Donors | 301600 |
| 197 | ZaverchandLaljiBheda | 5000 |
| | | 9511563 |

* This Donors wished not to publish their name.



## IN-KIND DONATION PERIOD:
## 1ST July 2017 TO 6th September 2017

| Sr.No. | Donor Name |
|---|---|
| 1 | AadarshAmdavad Yoga Group |
| 2 | Aashitbhai Shah |
| 3 | AashitbhaiSomani |
| 4 | Adivinav Healing Center |
| 5 | Alkaben |
| 6 | Amitbhai |
| 7 | Amoliben Shah |
| 8 | Angel Group |
| 9 | AnokhiSahiyar Group |
| 10 | Arpan Hands To All |
| 11 | Avniben |
| 12 | Bhavnaben |
| 13 | BimlabenHurra |
| 14 | Bombay Tarpaulin Merchant Association |
| 15 | Daskaka& Group |
| 16 | Dr.Nipam Mistry |
| 17 | Dr.PremalNaik |
| 18 | Fatimaben |
| 19 | Jignaben |
| 20 | JinibenKhandla |
| 21 | K.C.C.B Staff |
| 22 | Kalikaben |
| 23 | Krupaben Shah |
| 24 | Kusumben Shah |
| 25 | Mansiben |
| 26 | Mayankbhai |
| 27 | Mayuriben Patel |
| 28 | Meetbhai |
| 29 | Minakshiben |
| 30 | Naivrutiben |
| 31 | Nimishaben |
| 32 | Nipunbhai |
| 33 | Paragbhai |
| 34 | Parulben |
| 35 | Prekshaben |
| 36 | Priyankaben Patel |
| 37 | Purviben |
| 38 | Rakesh Mistry |
| 39 | Rekhaben |
| 40 | Rinaben |
| 41 | Rupeshbhai B. Shah |
| 42 | SatkaryaSevaSamaj |
| 43 | Shivaniben |
| 44 | Sushmaben |
| 45 | Well-Wisher * |

* This Donors wished not to publish their name.

Your precios contribution may change somebody's life.
please donate

Kindly draw the cheques/DD of your donations in favour of
"Vicharta Samuday Samarthan Manch" or "VSSM"

All Local Donations are eligibles for Tax Exemption under section 80 - G of the I. T. Act

**BANK DETIALS FOR LOCAL DONATIONS**

Dena Bank : Ambawadi Branch, Ahmedabad
A/C No. 085710024266
RTGS/IFSC Code:BKDN0110857

**BANK DETAILS FOR FOREIGN DONATIONS**

State Bank of India : Manekbaug Branch
A/C No. 33732434635
IFSC Code:SBIN0008052 SWIFT Code: SBININBB410

V.S.S.M. Trust Reg. No. F/15163/Ahmedabad
V.S.S.M. Society Reg. No: Guj/15163/Ahmedabad
V.S.S.M. PAN No. AABTV2421 M

વિચરતા સમુદાયોના જીવનમાં ઊજાસ પાથરવામાં નિમિત બનવા આપનું અનુદાન આવકાર્ય છે. આપના અનુદાનનો ચેક V.S.S.M. અથવા 'વિચરતા સમુદાય સમર્થન મંચ'ના નામનો લખી મોકલવા વિનંતી.

**આપનું અનુદાન કરમુક્તિને પાત્ર છે.**

# પુર અસરગ્રસ્તોનું પુનઃવસન



પુરમાં જેમના કામ ધંધા પડી ભાંગ્યા છે તેમને ફેર બેઠા કરવા રૂા. ૪૦,૨૫,૦૦૦ વગર વ્યાજે લોન પેટે આપ્યા.

પુરઅસરગ્રસ્તોમાંથી જેમના કામ ધંધા પડી ભાંગ્યા છે તેમને ફેર બેઠા કરવા માટે વગર વ્યાજે લોન આપવાનું નક્કી કર્યું ને VSSM દ્વારા તા. ૭ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ ડીસા અને શિહોરી મુકામે ૧૧૬ પરિવારોને આરતી ફાઉન્ડેશન – મુંબઈ અને કચ્છી જૈન ફાઉન્ડેશન – મુંબઈના આર્થિક સહયોગથી રૂા. ૪૦,૨૫,૦૦૦ ની લોનના ચેકનું વિતરણ કરવામાં આવ્યું.

હાથીભાઈ રાવળ કે જેમનું પુરમાં સામાન સાથે ઘર ગયું ને જમીન પણ સાવ ધોવાઈ ગઈ. વળી પુર પછી કેન્સર હોવાની ખબર પડી. આવા હાથીભાઈને ભેંસ ખરીદવા રૂા. ૫૦,૦૦૦ અને તે પણ પરત ના લેવાની શરતે કાર્યક્રમમાં જ આપ્યા.

લોન માટે રૂા. ૨૦,૦૦,૦૦૦ આરતી ફાઉન્ડેશન – મુંબઈ, રૂા.૧૦,૦૦,૦૦૦ ધનવલ્લભ ચેરીટેબલ ટ્રસ્ટ – મુંબઈ અને રૂા. ૧૦,૦૦,૦૦૦ કચ્છી જૈન ફાઉન્ડેશન – મુંબઈએ આપ્યા. આપની મદદ વગર આ થવું અશક્ય હતું. આપ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરું છું.

































